યુગાન્તર ગ્રંથમાળા–પુષ્પ બીજું

ભાવના સૃષ્ટિ

વિષ્ણુપ્રસાદ રણછોડલાલ ત્રિવેદી

ભાષાની સૃષ્ટિ

લેખક:-

પ્રો. વિષ્ણુપ્રસાદ રણછોડલાલ ત્રિવેદી

એમ. એ.

પ્રકાશક:-

યુગાન્તર કાર્યાલય,

કણપીઠ–સુરત.

કિંમત રૂ. ૦–૧૨–૦

પ્રકાશક:-

રતિલાલ નાનાભાઈ તન્ના

યુગાન્તર કાર્યાલય

કણપીઠ-સુરત.

પ્રથમ આવૃત્તિ-પ્રત ૧૨૦૦

મુદ્રક :-

નટવરલાલ મૂ. વીમાવાળા

ગાંડીવ મુદ્રણાલય

કેળાંપીઠ-સુરત.

સખી ! પ્રભાતે મુજ ભાવના ધરૂં;
અમોલું સ્હાંજે તુજ હાસ્ય હું ચહું.

પ્રસ્તાવના

પાછલા પાંચ છ વરસમાં '**વસન્ત**,' 'વીસમી સદી,' 'ચેતન,' 'નવ ચેતન,' 'ગૂજરાત કૉલેજ સામયિક,' 'હાજી મહમ્મદ સ્મારક ગ્રંથ' અને એકાદ હસ્તલિખિત માસિકમાં મ્હોટે ભાગે 'પ્રેરિત' નામે પ્રસિદ્ધ થએલા મ્હારા અમુક પ્રકારના લેખોને એકઠા કરી ચૉપડીના રૂપમાં બહાર મૂકું છું. '**વસન્ત**' આદિ પત્રોના અધિપતિઓનો હું આભાર માનું છું. * * * *

કલ્પનાની સૃષ્ટિ અણુદીઠી હોઇ જૂઠી જ હોય છે એમ નથી. અવાસ્તવિકતા અને જૂઠાણું એક નથી. આ 'ભાવનાસૃષ્ટિ'–કલ્પના સૃષ્ટિ–ખડબચડી લાગે હેવો મ્હને ભય છે; અને તેમ હોય તો ત્હેનો દોષ હું પૂરેપૂરો સ્વીકારું છું. કલ્પનાની અગમ્ય અને જૂઠી ગુહામાં જાણી જોઇને લઇ જવાનો મ્હારો જરાકે ઇરાદો નથી. લેખો મ્હોટે ભાગે સ્વાનુભવરસિક હોવાથી વાચક સમભાવમય કલ્પનાથી વાંચશે એમ આશા રાખવામાં કશું વધારે પડતું નથી. * * * * * *

આ ચૉપડીના પ્રકાશન અંગે મ્હને મદદ કરનાર રા. રતિલાલ ન્હાનાભાઇ તન્ના, રા. અંબુ કે. વશી, ચિત્રકાર રવિશંકર રાવળ તથા રા. બચુભાઇ રાવતનો હું આભાર માનું છું.

તા. ૨૯–૩–૨૪ \
નાનપુરા, સુરત

વિષ્ણુપ્રસાદ રણછોડલાલ ત્રિવેદી



ચિત્રકાર રવિશંકર રાવળ

પોતે પાણી તરફ આમથી તેમ ખોળામાં છીપોલીઓ ભરવા દોડવા લાગ્યો.

મિનર્વા પ્રિન્ટરી, અમદાવાદ

ભાવના સૃષ્ટિ.

" છાની સ્રવે "

ભ્રમર ! તું છાનો રહે
તુજ ગીતને અટકાવ્યને,
ભાવના સૃષ્ટિ સુનેરી
કાં બધી પલટાવી દે;
ભ્રમર ! રે છાનો રહી મુજ ગીતને તું સૂણ્યને.

આ ગીતડાં છે વેદનાં
આ રાહ ન્યારા તત્ત્વના;
એ કાળજૂનાં તત્ત્વ તો
તવ પુષ્પથી યે મિષ્ટ છે
નહિં રાહ ત્હેમાં લોકના પણ બ્રહ્મના પરબ્રહ્મના.

મૂઢ ! તું ગણગણ કરે
સ્વરમૂર્તિ થઈ સૂણે નહિં;

તિમિર શો ભમતો અહિં
મુજ દિનની રાત્રી કરે,
તુજથી અલૌકિક વિશ્વ શું મુજ આત્મને મળશે નહિં.

કે ભલા પરતન્ત્ર છે ?
ને દૂત થઇને આવિયો,
સ્વર્ગમાં લટકી રહેલી
બાલિકાએ બાંધિયો,
દોરી વડે ખેંચી ત્હને મુજ મંદિરે લટકાવિયો ?

એ બાલિકા ત્ય્હાં શું કરે ?
પૃથ્વી શું આ સાંભરે ?
બાપલા ઊભો રહી
કર વાત તું ધીમો રહી
મુજ આંખડી તુજ ગીતથી અહીં શૂન્યમાં છાની આવે.

* * *

શ્મશાન જે'વા મુજ ચિત્તમાં પ્રભો !
વીતેલ સ્વપ્નો અમથાં બળે છે;
શું જ્ઞાન ત્હેને કદી યે શમાવશે
કે માનવી સ્વપ્ન મહીં જ જીવે ?

"આઘે આઘે ઘણે દૂર."

'Twas far too strange, and wonderful for sadness.
Sharpening by degrees, his appetite
To dive into the deepest. Dark nor light
The region;

KEATS.

આ લાંબી પીપુડી વગાડતું નગ્ન બાળક મ્હને ક્ય્હાં લઈ જશે?

"આઘે આઘે ઘણે દૂર"

જંગલ અને ઝાડીઓ વટાવી, નદી અને ખીણો ઓળંગી, પહાડ અને પર્વત ઉપર થઇ

બાળક ચાલવા જ લાગ્યું. પીપુડીના સ્વરથી મધ્ય આકાશમાં ચન્દ્ર અને તારા નાચવા લાગ્યા. આ ભૂમિ કઈ હશે ?

"એ છે હિમાલયને ઉંચા હાથ કરી વળગેલું ભારતવર્ષ"

અનન્ત ઉત્કર્ષની ભવ્ય પતાકા ! માનવીનો જૂનો ઇતિહાસ ! તત્ત્વજ્ઞાનનું ત્હારૂં પારણું મન્દ જ ઝૂલે છે. અર્જુન અને કૃષ્ણના, બુદ્ધ અને શંકરના આત્મા ત્ય્હાં જ રમે છે. હવે તો થાક લાગ્યો. આ પીપુડીનો સ્વર તો ચાલુ છે; અને નગ્ન બાળક મ્હને ક્ય્હાં લઇ જશે ?

"આઘે આઘે ઘણે દૂર."

અરે ! હજુ "ઘણે દૂર"! પણ આ પ્રદેશ શો હશે ?

"જરથોસ્ત અને મહુમદના માનવી દેહના અવસાનનાં ગીત ગાઓ. ત્હેમના દેહ અને આત્માનાં ફુલ અહીં જ વેરાયલાં છે. ત્હેમને ચગદશો મા."

નમસ્કાર. જૂદી ભૂમિના જૂદા પાઠ ઓ દેવ-

દેહીઓ આપી જજો. અવતારસૂનાં માનવીનાં જીવન અધૂરાં છે. પણ હવે તો થાક લાગ્યો. આ નગ્ન બાળક મ્હને કય્હાં લઇ જશે?

સ્વર ઉતર્યો: "આઘે આઘે ઘણે દૂર." હજી ઘણે દૂર? પણ મ્હણે એ હાડકાં શાનાં પડેલાં છે?

"માનવીની જૂની જાહોજલાલીનાં. ગ્રીસ અને ઇટલીના એ પ્રદેશ છે. કલાનો સ્મરણસ્તંભ–હા–માનવકૃતિની દશાનો ભવ્ય પડઘો. અહીંયાં અવશેષ રહેલા તંતુથી કવિતદેવી ગીત ગાય છે."

કાન માંડું છું તો ઝીણું ગીત એ સંભળાય–અનન્ત સૂનકારમાં બાળકની પીપુડીનો સ્વર ઝણઝણાટ કરી રહ્યો છે. સમુદ્રના તરંગો કુદી કુદી ચન્દ્રરશ્મિ પીયે છે. પણ સમુદ્ર શાન્ત થઇ ગયો. વાજીંત્રના સ્વરને ઝીલવા ત્હેણે કાન માંડયા કે શું? પગ દુઃખી ગયા. બેસી જઉં. આ નગ્ન બાળક મ્હને કય્હાં લઇ જશે?

"આઘે આઘે ઘણે દૂર."

"ઘણે દૂર!" દૂરથી પેલા ભડકા શાના જણાય છે?

"માનવજીવનની એ આવી શ્મશાનભૂમિ. એ ભડકાનો તાપ આખી પૃથ્વીને લાગે છે; અને તનખા પડયા આખા યુરોપમાં. પૂર્વ પાણી છાંટશે અને શ્મશાનવિભૂતિ સાચવશે આંગ્લ દેશ. ચાલો આપણે પણ ઉતાવળા ચાલો. તાપ લાગશે."

પીપુડી તો વાગતી જ જાય છે. સમુદ્ર ઉપર તરાપો મૂકી હમે સમુદ્રમાં ઉતર્યા. નગ્ન બાળક ઉભું ઉભું વગાડવા જ લાગ્યું. પણ હું તો વિસામો લેવા બેસી પડયો. સમુદ્રની છૉળો મુખ ઉપર વાબવા લાગી. બરફના તરતા પર્વતો વટાવવા માંડયા. નગ્ન બાળક ! હવે શું આવશે ?

"હવે આવશે માનવજીવનનો નવો ઇતિહાસ. આ આપણે ઉતરીયે એ પ્રદેશમાં. અહીંયાં છે વિજ્ઞાનતું મહારાજ્ય. સ્વરાજ્યભાવના જાજરમાન પ્રૌઢા છે."

જમીન ઓળંગી ચાલવા માંડયું. પાછો સમુદ્ર આવ્યો ! આ નગ્ન બાળક મ્હને ક્હાં લઇ જશે ?

"આઘે આઘે ઘણે દૂર."

હજુ "ઘણે દૂર"? સમુદ્રની છૉળો મ્હારા

તરફ આટલા બધા કુદકારા કેમ કરે છે? ચન્દ્ર તો અસ્ત પામ્યો છે અને હું તો કાંઇ ચન્દ્ર નથી. ના, ના, એ તો પીપુડીના સંગીતથી મુગ્ધ થઇ નગ્ન બાળકની આસપાસ રમે છે. વળી આ તો જમીન આવી! આ શું હશે?

" એ આવી ઉત્કર્ષની આશા. જાપાન તો પૂર્વનું ભવિષ્ય જાણે છે. "

વળી આગળ ચાલ્યા. બાળકના લાંબા વાજીંત્રની આગળ પાછળ સીતારના તારની પેઠે અવાજ કરતો પવન ભમે છે. ભ્રમર અને પુષ્પની ઈર્ષા તો ત્હને નથી થતીને? મ્હને થાક લાગ્યો છે અને આ બાળક ક્ય્હાં લેઇ જાય છે?

" આઘે આઘે ઘણે દૂર "

અરે હજુ 'આઘું' ન મટયું? પણ પેલો દેખાય તે પ્રદેશ કયો આવ્યો?

" એ પ્રદેશ તો સંન્યાસી જે'વો છે. પ્રવૃત્તિમાં મન્દ જ જણાય છે. બાળકની માફક પોતાની રમતમાં ગૂંથાયલો રહે છે, અને આગળ પાછળની ગડમથલને કાન પણ દેતો નથી. "

દિવ્ય સંન્યાસી! ત્હને પણ નમસ્કાર. સૂર્યના

કિરણુ ઉપર પ્રવાસ કરતા હોઇયે તેમ હમે ખો અને કોતર ઉપર થઇ ચાલ્યા હિમાલય ઉપરથી પ્રતિ-વમન પામતા કિરણુથી અંજાઇ ગયા. હે બાળક મ્હણે બધા સૂર્યજ ભેગા કર્યા છે?

"ના એ તો આપણે હતા ત્ય્હાં ને ત્ય્હાં આવ્યા."

હવે તો વિશ્રામ લઇશું ને?

જવાબમાં બાળકે તો ચાલવા જ માંડયું. આ બાળક તો થાકતું જ નથી. મ્હને ક્ય્હાં લઇ જશે?

"આઘે આઘે ઘણે ઉંચે"

સંગીત અટકયું. પીપુડીને પાછળ લટકાવી, બાળકે મ્હારા બંને હાથ ઝાલી મ્હને સાથે લઇ ઉડવા માંડયું. વાદળ વટાવી તારકોના સુસવાટમાં થઈ હું ખેંચાયો. છેલ્લા ઉદ્દગાર નીકળી ગયા.

માતૃભૂમિને છેલ્લું વંદન! ક્ષણિક જીવનમાંથી વિરામ પામી પરજીવનમાં વિશ્રામ પામવા જાઉં છું. હવે થાક નહિં લાગે. સ્વર્ગમાં એ બાળકને પૂછીશ ભવિષ્ય મ્હારા ભારતવર્ષનું. પણ આ બાળક મ્હને ક્ય્હાં ઉંચકી જાય છે?

"આઘે આઘે ઘણે દૂર"

વિયોગ.

વ્હાલી !

સ્નેહના અગ્નિ ઉપર ધૂમાડાનો જૂઠો પડદો રહેવા દો; તનખો દેખાતાં કદાચ જગત ત્હેને ભૂત માનશે.

આપણ બેના આત્માનાં સૂક્ષ્મ શરીર બીજના ચન્દ્ર જે'વા નાવડામાં બેસી આ જગતથી દૂર ક્યહારે ઝૂલશે ? સ્નેહી આત્મા ! જગતમાં ભટકતાં તલાવ વા નદીને આરે પથ્થરને ઠેસ વાગે તો પંપાળજો. સંસારમાં આપણો ભેટો કઈ હેવો જ હતો.

હું રડીશ તો બધાંને વાંકુ પડશે, અને જગતને ઢોંગ લાગશે. સંસારનાં બન્ધનોએ મ્હને બાંધ્યો, સંસાર છોડશે ત્ય્હારે છૂટાશે. જગત અને

રૂઢિ નચાવશે તેમ નાચીશ. મ્હને રડવું ગમે છે; રડવામાં કાવ્ય જે'વી મીઠાશ છે. સમુદ્રનાં મોજાં ભેગી મ્હારી વાંછનાઓ અને આશાઓ તરવરશે તે વાંચજો. સમુદ્ર નજીક છે.

જગતથી ઉંચે જોવાનું–ઉંચે જોઇને જગતમાં ચાલવાનું મ્હને ગમે છે. સંસારની માયા ગણુગણુશે તે સાંભળીશ. મ્હારે જોવી નથી. અનુભવવી નથી. સ્નેહીઓમાં પરદેશી માફક વસવામાં મ્હને શોક નથી. પણ–પ્રેમનાં બન્ધન વસમાં છે.

સંસ્કારી જીવ! હૃદયની વિદ્વત્તા મ્હારામાં આવી નથી. મગજની વિદ્વત્તા સ્થૂલ અને નાશવંત લાગે છે. હૃદયની કોમલતા મનુષ્યમાં ન હોય ત્ય્હાં સુધી મનુષ્ય, મનુષ્ય નથી. ત્હમે મનુષ્ય છો; અને ઉચ્ચ કોટિના મનુષ્ય તરીકેજ ત્હમને ચાહું છું.

અંધારામાં જશો? સ્વપ્રકાશ ત્હમને કેમ છોડશે? ઘણે દૂરથી પણ મ્હારો જીવ ત્હમારા ઉરના ઉન્હા નિશ્વાસ સાંભળશે.

હું બાળક હોત તો જગત મ્હારામાં શ્રદ્ધા વધારે રાખત. બાળકની માફક સંસારનો સમય રડી કહાડિયે તો કેમ? * * *

હૃદયના પ્રિય અને મૂક આનંદ !

પૃથ્વીના પ્રવાસોમાં મ્હને ક્ય્હાં શોધશો ? આંસુમાં. આંબાના વનમાં પથ્થર ઉપર બેસી વિમાસણ કરો ત્ય્હારે પાંદડામાંથી સીસોટા મારતા પવનમાં મ્હને ઝીણા સાદે રડતો સાંભળજો. કુદરતમાં સ્વાતન્ત્ર્ય, અને મનુષ્યના જીવનમાં પરાધીનતા જ નજરે પડે છે; તો પ્રકૃતિનું મનુષ્ય અંગભૂત કેમ ? પણ કઈ આંખ્યે કુદરતમાં સ્વાતન્ત્ર્ય દેખાય છે ? એક મ્હારા જેવી વ્યક્તિની. તો મનુષ્ય નહિં હેવી વ્યક્તિને કુદરતના સ્વાતન્ત્ર્ય સંબંધી જ પૂછવું યોગ્ય. બધા મનુષ્યોને સાથે જોનારને મનુષ્ય પણ સ્વતંત્ર લાગે. પરાધીનતામાં મિષ્ટતા જણાતી નથી, અનુભવાય છે. દુઃખ અને અણફળ્યા પ્રેમમાં મનુષ્ય કીર્તિનો લાંબો માર્ગ છે.

જડ અને ચૈતન્ય બન્નેમાં પગ રાખનાર ઝાડની પેઠે જંગલમાં ઠોયા પેઠે ઉગવાનું હોય તો કે’વું !

આકાશના રંગોમાં વસ્તુતઃ છે કે કંઇ ? ત્હેમાં પણ આપણો આનંદ છે. બીજના ચન્દ્રમાં

બીજા દિવસો કરતાં વસ્તુતઃ વધારે છે કે ઓછું ? તથાપિ જગત ત્હેને કેમ પૂજતું હશે? ત્હને દેખી તેથી પૃજી. જે'વી દેખી તે'વી પૃજી. જગત બીજાની આંખ્ય લેવા જાય છે ? ત્હને પૃજવામાં મ્હને ધૃષ્ટતા જણાતી નથી.

આ ધડકતી છાતી ઉપર હાથ રાખશો? દેહ છોડતાં પછી વિમાસણ રહેશે નહિં. આત્માને પછી શાન્તિ જ છે. મનુષ્ય મનુષ્યને સાચવી લેશે. મૃત્યુ એટલે દેહની સમાપ્તિ.

મૃત્યુ એટલે અંત નહિં, પણ ફલસિદ્ધિ.

તુજ આત્મરસને આંખ્ય ભરીને પીઉં, પ્યાલુ પૂરૂં થતાં પહેલાં તો દુનિયાનો અંત આવે ત્યહાં લગી પીઉં. બાળક જે'વો થઈ જવા દે, અને ત્હારા હોઠ અને પોપચાં અને આખુંય મ્હોં દાબી મધુરો આદેશ માગીશ. ઝીલ તું તવ હસ્તમાં મુજ લાડીલી. બાળક હઉં તો મ્હને છાતી સરસો તું કાં ન ડાબું ? દિવ્ય સંગીતનું હાલરડું ગા, અને અજ્ઞાતના અંધકારમાં ત્હારા ખૉળામાં ઢળેલો હું ઉંઘી જઉં.

સ્વર્ગમાંનાં વ્હાલ હૃદયમાં છે, અને સર્વમાં છે. સંસારમાંનાં વ્હાલ હૃદયમાં જ રાખવાં ઠીક છે. હૃદયના ધબકારા સાંભળવા જગત દાકતર થાય તેમ નથી. જગતમાં આદરેલી સ્નેહની મીઠાશ સ્વર્ગમાં મ્હાણુવાની છે.

શોકની સીમા હાલ તુરત તો દ્રઢતા ગણું છું. અધિકારી નચાવશે તેમ નાચીશ.

મ્હારો સ્નેહ આૅગાળી મૂર્તિ થતી હોત–પુસ્તક થતું હોત–તો મોકલત. સ્નેહ જાત્યે જ પુસ્તક છે. વાંચજો અને વિચારજો.

મ્હારો આત્મા ત્હમારા હૃદયમાં ભરાઈ જાય તો !

*　　　*　　　*

આત્માના પ્રિય સંગીત !

મ્હને હાથમાં ઉપાડી, ઉંચકી હેવા સ્થાને લઈ જા જ્ય્હાં સ્વર્ગીય તેજ, ગાન અને ફુલ જ હોય, જય્હાં આપણ બન્નેના શાશ્વત સ્નેહ ઉપર ચન્દ્ર અને સૂર્ય ડોકીઆં કરતા હોય–ત્હેને રમાડતા હોય. તે વખતે આપણાં મન પુષ્પ ઉપર ચાલશે,

રમશે અને ઉંઘશે. સ્વર્ગીય એકતામાં લીન થઇ આલિંગશે.

ત્હારો સ્વર 'ઓ....સંભળાય ! કોયલનો ટહુકો બંધ થતાં આંખ્યમાં અશ્રુ ઉભરાય છે. આંખ્યો મીચી દઉં તું જો લુછવા આવે તો.

આકાશ વાદળાંથી ઘેરાય છે, ત્ય્હારે મ્હારૂં મુખ ત્હારા કેશથી ઢંકાઈ ગયાનું સ્વપ્નું આવે છે. હેવા સ્વપ્નની અવાસ્તવિકતામાં–મ્હારી મૂર્ખતામાં પણ હું આનંદ મ્હાણું છું.

સ્નેહી જીવ ! ત્હારા સંબંધી પ્રત્યેક વિચારથી ઉકળાયલું મ્હારૂં મન પ્રફુલ્લ થાય છે. જંગલમાં ઘાસ ઉપર પડેલા ઉપર સ્ફુરતા–અપ્સરાની પાંખ્યોના પવન જે'વા મ્હારા આવેશને હું ચાહું છું. ત્હમારા ભાવની મીઠાશ ક્ય્હાં મળશે ?

સ્મરણો.

Leave my unwisdom to endure
this peril
Love who in ambush of young
maid's soft cheek
All night keep'st watch!

SOPHOCLES

સ્નેહી હૃદય !

કાળ અને સ્થળનાં દોહ્યલાં અન્તર સહવાં રહ્યાં ત્હારે અને મ્હારે હવે.

સ્નેહની અને સંસારની શ્મશાન વિભૂતિનો અંચળો શરીર ઉપર ઓઢી મનોરાજ્યમાં ઘૂમવાની દીક્ષા લીધી; પ્રકૃતિને બારણે ભિક્ષા લેવા અહાલેક

જગાવ્યો; આથડતો ગબડતો મૃત્યુ જેવા જીવનમાં ચાલ્યો. વિકારપવનના ઝપાટે માયા તરફ ઉડતી, સંસારમાં જવા મથતી કફની–ભાવનાને તિલાંજલિ આપવાનું સ્વીકાર્યું.

ત્હને વ્હાલું પેલું બકુલ વૃક્ષ જીવે છે. ત્હારી સખીએ ત્હારા સ્નેહીનું જગતમાં કહેવાતું નામ પૂછયું, ત્ય્હારે ત્હારા મુખમાં એ ઉચ્ચાર શરમાઇ ગયો; પણ આંગળીએ ધૃષ્ટ થઇ નામાક્ષર કોતર્યા. એ અક્ષરો જીવન પામી બકુલના હ્રદયમાં જીવે છે. બકુલ વૃક્ષના આત્મામાં ત્હારો આત્મા સંક્રાન્ત તો નહિં થયો હોય! થયો હોય તો પલ્લવ રૂપે સ્પુરી ત્હારા ઉપર ઉગતા પુષ્પથી મ્હને વધાવજે.

ત્હારા હ્રદયમાં લખેલી મ્હારી જીવનઆશાઓ કેમ ભૂંસાઇ ગઇ?

રાત્રિ એટલે કાંઇ મૃત્યુ નથી. બ્રહ્માંડનું સંગીત મને રાત્રિમાં જ સંભળાતું. આંખ્યને અલક્ષ્ય હેવા ઝીણા જીવે પણ ઈશ્વરનું–પરમજીવનનું અસ્તિત્વ પુકાર્યું.

પરમાત્મા કોણ હશે? માનવીની બુદ્ધિની દૃષ્ટિસીમાની પેલી પાર્યના અનન્ત તત્ત્વ તરફ,

ચગડોળે ચઢી દોડતાં, તારક, ગ્રહ અને સમયને હુલાવતું, નીચેની અગમ્ય ખોમાં ઉભેલું, લાંબી પીપુડી વગાડતું એક નગ્ન બાળક જોયું. એજ આત્મા. એજ ? ત્ય્હાં જ પરજીવન. ત્ય્હાં જ ? મ્હારી આશાના અક્ષરો ભૂંસાયા નથી.

ત્હમારા આવાસની થોડે દૂર ખીણમાં વહેતી નદીમાં, ચંદની રાતે એકલી તું તરવા જતી. ઉંચે ભેખડ ઉપર ઉભેલો હું ઉપરની આકાશની ચંદા નિહાળી નીચે કાળા કેશમાં ભરાતું ત્હારૂં મુખ વિલોક્યા જ કરતો. મૃત્યુ અને જીવનનો અન્ત હું ત્ય્હાં જ અનુભવતો. અનન્ત આકાશમાંથી ઉતરતાં ચન્દ્રરશ્મિ ત્હારા રેશમી વસ્ત્રને ગલીપચી કરતાં; તે વખતે મ્હારા આત્માનો ઉલ્લાસ ત્હારા હૃદયને ગલીપચી કરી ત્હને મુગ્ધ બનાવતો. એ ભેખડ અને નદીમાં સ્મરણાવશેષ રહી તું ક્ય્હાં ગઇ ?

મ્હારા તરંગોના સાક્ષી દીપક આગળ હું આત્માને ઉદ્દેશી લવતો હતો. ત્હેવામાં વસ્ત્રના ફરફરાટથી હું સ્વરમુગ્ધ થઈ ગયો. સ્નેહની ચન્દ્રિકા આંખ્ય આગળ ઉગતાં શંકર અને સૉક્રેટીસ કલ્પનામાંથી અવસાન પામ્યા. હૃદયે હૃદય, ચક્ષુએ

ચક્ષુ મળ્યાં; આત્મા અને આત્મા એકતાર થતાં, એકતાલ થતાં "વિશ્વ વાજિંત્રના ભવ્ય સંગીત" ના ધ્વનિપ્રતિધ્વનિમય હમે થઈ ગયાં હતાં.

અવદશાનો સાક્ષી એ દીપક, કલ્પનામાં ભરાયલા શંકર અને સૉક્રેટીસના વિચાર ગૃહ-રાજ્યમાં કે મનોરાજ્યમાં લુપ્ત થયા નથી. પણ ત્હારા જવાથી મ્હારા ઝીણા મહેલનું સંગીત કેમ લુપ્ત થયું ? ત્હેની આગળ તો રાત્રિ પણ બેહદ ઘોંઘાટવાળી લાગે છે.

એ મ્હારી વીણા ક્યહાં વાગતી હશે ? આ અરણ્યમાં ત્હેનો રણુકારો સરખો સંભળાતો નથી.

વાડીમાંના પુષ્પને ચૂંટતી ત્હને ઘણી વખત નિહાળી છે. સ્નેહના આલંબનવિભાવ બાલક જે'વા તે પુષ્પને તું હૃદય સાથે દાબતી. ત્હેને ચુમતી. વિલક્ષણ ભાવ ત્હારા મુખ ઉપર ઉભરાઇ જતો. એ પુષ્પને હૃદયમાં રાખી નદીને તીરે કોક વખત તું ઢળી પડતી કે સૂઈ રહેતી. મ્હારા હૃદયથી ચૂંટાયલું હૃદય હેવા ક્ષણજીવી પુષ્પની માફક કેમ કરમાઈ ગયું ? એ હૃદય પુષ્પને શોધવા વિશ્વની વાડીઓમાં ભમવાનું નિર્મિત જ જણાય છે. ભ્રમ-

ણામાં ભરાઇ ગએલી સુવાસ કેમે કરી નીકળતી નથી.

મયૂરનો લાંબો રાગ, કોયલનો ટહુકો, ને પક્ષીઓનો કલ્લવલાટઃ—પ્રકૃતિ રડતી લાગે છે.

ચંદ્રાની ટૂંકી ઓઢણીમાં બેળે બેળે લપેટાતી પૃથ્વી, ધવલ પુષ્પથી ઉભરાઈ જતાં વૃક્ષો અને મ્હારા રમ્ય આવાસ પ્રકૃતિના મ્હને વૈધવ્ય શણગાર લાગે છે. કુદરત સમભાવથી રડતી લાગે ત્હેમાંજ મ્હારા હૃદયને આનંદ છે. સ્નેહીજન આંસુ લૂછવા આવતાં આંસુ વધારે ઉભરાશે; તદપિ અશ્રૂ ઢાળવામાં જ કર્તવ્ય લેખાય છે; અને કર્તવ્યના સાફલ્યથી આત્મા ઉલ્લાસે છે.

* * * *

સ્વર્ગમાં જતાં અપ્સરાઓ ઓવારણાં લે તો તે શોકથી અભિનંદજે. પૃથ્વીમાં સ્નેહીજનને વ્હીલું મૂક્યાના પાપનો એટલો તો પશ્ચાત્તાપ કરજે. સ્વર્ગમાંની કોઇ અટારીમાંથી, અનન્ત આકાશમાંથી, આ ઝીણી આંખ્ય જે'વી દેખાતી પૃથ્વી ઉપર તું સુધા રેડજે, જેથી ઝાડને ઓથે બેઠેલો માનવી કંઇક તો સ્વર્ગીય સ્નેહ અનુભવું. એ પરજીવનમાંથી મ્હને વિલોકાય તો વિલોકજે; મ્હને ઉપાડી શકાય તો

ઉપાડી જજે. પૃથ્વીના બાકી રહેલા શુષ્ક સ્નેહ મ્હારે મન કંઇ નથી.

પ્રકૃતિ-આપણા જીવનની રડતી ઇતિહાસકાર-ત્હારાં સ્મરણોનો કીર્તિસ્તંભ છે. એ સ્મરણોમાં મ્હારૂં અવશેષ રહેલું જીવન લપાઇ રહેશે.

મધ્ય રાત્રિયે વેગળેથી ગાન સંભળાયું; મનમાં ઉતરવા લાગ્યું.

"And beyond our eyes
The human love lies."

*　　　*　　　*

"मानसे विहर हंस मानसे
मा विमुञ्च पुनरस्य सौहृदम् ।"

*　　　*　　　*

સ્વર્ગમાંના કોઇ હિંચોળેથી ઉતરતું સંગીત ત્હારા હૃદયનું, ત્હારા અનુભવનું તો નહિં હોય! વ્હાલી! કાળ અને સ્થળનાં અન્તર ક્ય્હારે ખૂટશે?

મ્હારી રંગા.

તે બાર વરસની હતી અને હું ન્હાનો હતો.

રંગાને મ્હેં ઘણી વખત પૂછેલું, "રંગા, તું આ બધું લાલ પીળો ને લીલો રંગ ભણેલી ?" રંગા હસતી ને મ્હને આંબાવાડિયામાં લઈ જઇ પહેલી ચોપડી ભણાવતી.

હમારા ગામની પૂર્વે આવેલા મંદિર તરફ સ્હવારમાં ઝીણીશી કોર્યનો સાળુ પહેરી રંગા જતી. ત્હેની પાછળ પડતા લાંબા છાંયડામાં કુદતો કુદતો ત્હેનાં પગલાંમાં પગલાં મૂકતો હું જતો. દહેરાના ઘુમ્મટમાં તે પૂજા કરતી હોય, ત્ય્હારે બીજું કોઈ ના હોય તો હું પોઠીઆ ઉપર બેસી જતો, કે કાંતો અષ્ટાવક્ર લાગતા હનુમાનને નિહાળ્યા જ કરતો.

"બાબુ ચાલ્ય," હેવું જ્યહારે સંભળાતું ત્યહારે હનુમાન કે ગણપતિની નજરબંધીમાં સપડાયલો હું સમાધિમાંથી જાગ્રત થઈ રંગાની આગળ આગળ એ જ ક્રમે જતો. રંગા પાસે ધીમે ધીમે ગાવાનું શીખ્યો.

તે પાણી ભરવા જાય તો હું વેગળે ઝાડની ડાળીએ બેસી ગાઉં, જેવું આવડે હેવું ગાઉં. વચ્ચે વચ્ચે દોરડું ઉંચું ખેંચતાં તે મ્હારા તરફ જોતી. કલ્પનાને થતું કે ભમરા જેવો હોત તો દોરડા ઉપર બેસી જાત ને ત્હેના મુખ આગળ થઈ ગણગણાટ કરતો ઉપર ઉડી જાત. બેડું ભરાય એટલે 'દ્રષ્ટો દ્રષ્ટ' મળતી. મ્હારૂં સંગીત ત્હેના ઘડામાં ભરાઈ જતું. * *

રંગા પરણી. ત્હેને વળાવી ત્યહારે કય્હાં સુધી હું બૈરાં જોડે પાછળ પાછળ ગયો. કેટલાંક બૈરાં ગાતાં પણ મ્હને રડું રડું થતું. છેવટે રંગાએ મ્હારી પાસેથી કેટલાંક ફુલ લીધાં. ઘેર આવી ચોપડી જડતી નથી એમ બ્હાનું કાઢી હું ખુબ રડયો.

* * * *

વર્ષો વીતી ગયાં. પણ રંગા વિસારે ન પડી.

હું રજાઓમાં મ્હારે ગામ આવતો પણ રંગાને કંઇ રજાઓ પડવાની હતી ? રંગાને એક ભાઇ સિવાય આ ગામમાં કોઇ સગું ન હોતું. લોકમાં હું જરા ગાંડો ગણાવા લાગ્યો. કોણ જાણે કેમ, પણ કોઇ મ્હારા વિવાહની વાત કરતું ત્ય્હારે હું નિરાશ થતો, અને મ્હારે પરણવું નથી હેવો મન્ત્ર ભણ્યા કરતો.

કુવા ઉપરની સ્ત્રીઓ હોળીની જીભો સમી લાગતી; અને આંબાવાડિયામાં પણ ખરી પડેલાં પાંદડામાં દૃષ્ટિ ઠરતી. ત્ય્હાં બેસતો ત્ય્હારે પવનના સુસવાટમાં કે પાંદડાંના ખખડાટમાં "બાણુ ચાલ્ય" ની બૂમો પડતી લાગતી. સંધ્યાકાળથી માંડી માંડા સુધી કુવા ઉપર રોજ બેસી રહેતો.

પૃથ્વીના હૃદયમાં વહેતાં ઝરણોમાં ખળભળાટ થતો કે હૃદયનો ખળભળાટ સંવાદી થઈ ઉત્તર આપતો. બખોલોમાં વસતાં કબુતરો નાચ જેવું કરતાં તો રંગા પાંખ્ય સાથે ઉડી ઉપર આવશે એમ થતું. જૂના જમાનાની કલ્પનાઓ—દૃશ્યો—ભૂતાવળી મચાવી મૂકતાં.

*　　*　　*　　*

આજની સંધ્યા વિચિત્ર હતી. વિશ્વના ડોળા

ડગમગતા હોય એમ સૂર્ય સૂચના કરતો. વિચાર-શ્રેણી સૂકા ઝાડ ઉપરના ઘુવડ ઉપર જ ઠીજી ગઇ.

જોસભેર પવનની અંદર એક ડાળ તૂટી પડયું, અને ત્હેના જોશમાં જ તણાઇ આવી હોય તેમ ઉંચાણમાંથી ઉતરતી સાફ કાળા વસ્ત્રમાં ઢંકાયલી કોઇ સ્રી જણાઇ. મ્હારી રંગા !

" કોણુ ? રંગા ! "

" હા, બાબુ, રંગા અભાગણી રંગા "

*　　*　　*　　*

છેલ્લા કાગળીયામાં રંગાનો ભાઇ મરી ગયો. મ્હારાં માબાપ પણ મરી પરવાર્યાં. વિધવા રંગાના જીવનમાં અમૃત રેડતાં કોઇના હૃદયમાં ઝેર રેડવાનું હવે નહોતું. ઘણે વર્ષે રંગા મ્હને " વ્હાલા ! " કહેતાં શીખી.

" કૉણ હતું, એ ? "

મ્હારી શી કથા ! ઘેર ઘેર તે શા રસ ભર્યા હોય ! તોય સાંભળ. ટપાલ આવી ગઇ હતી.........

" દૂર દૂર સુદૂર એ " કે " જગથી પાર " પર્વત ઉપરથી પંખીના માળા જે'વી દીસતી મ્હારી ઝુંપડીમાં મ્હારી સખીએ કહ્યું, " વ્હાલા ! કાષ્ટ ખૂટી ગયાં છે. વાડીમાં તો મ્હારી નખલીના જે'વા છોડવા છે ત્હેનું તો બળતણુ ન થાય, અને સૂકું ઝાડ તો દૃષ્ટિએ પડતું નથી."

" ઠીક, મ્હારી કૉડી લાવ્ય. વાંસની ઠાંગ લાવ્ય. હું જઉં છું. નદીને કીનારે કીનારે કાંઈ શોધું છું જો કંઇ બળતણુ જે'વું જડે છે તો."

ઘોર અરણ્યમાં વરસાદ બહુ પડ્યો. દિવસે પણ વિજળીના ચમકાર મ્હારી આંખ્યમાં પેસી જવા લાગ્યા. ઘડીક ઝાડને ઑથે ઊભો રહું, ઘડીક ઝુંડમાં ભરાઇ રહું. બહુ રખડયો, મહા મહેનતે કંઇ કાઠી ભેગી કરી. રસ્તે જતાં પલળી ચીમળાઈ ગએલાં પુલ લોચો થઇ ગએલા ખેસમાં એકઠાં કરતાં જાઉં. મ્હને ફામ ન રહી કે કયાં જાઉં છું.

વેગળે સમુદ્ર અને બે નદીઓના તરભેટા જેવું જણાયું, અને સરસ્વતીચંદ્ર કે જયન્ત પેઠે ત્હાં હું કેટલું ય આથડયો હોત પણ—

એટલામાં પોલા સૂર સંભળાયા અને સ્વરની દિશામાં આંખ્યે જોયું તો ઝાડની પાછળ મ્હારા જેવા વિચિત્ર માનવીની બ્હીકે ભરાઇ રહયું હોય હેવું એક મંદિર દીઠું, અને તે તરફ હું ચાલ્યો. વરસાદ બંધ રહયો હતો અને કંઇ કુણું કુણું તેજ વાદળાં પાછળથી માર્ગ કરતું હતું. મંદિરનાં પગથિયાં આરસનાં હતાં, પણ આખું મંદિર ઈંટોથી ચણેલું હતું, અને ઘુમ્મટ તો તદ્દન માટીનો જ હતો.

ભારો અને ડાંગ આગલે ઓટલે મૂકી

આરામનો ઉંડો શ્વાસ હું લેવા લાગ્યો. લાવ દર્શન કરૂં એમ ધારી ખેસ છોડી થોડાંક ફુલ કાઢ્યાં. ગર્જના કરતો ત્યાર સોરો તો ચૉપદારનો અવાજ નીકળ્યો, "ખબરદાર ! ખબરદાર ! ત્હારો પટો કો'નો છે ? ત્હારે માથે પીછું કો'નુ છે ?" હું કંઇ આ સ્હમજ્યો નહિં. "ભાઇ ! મ્હારી પાસે પટો પીછું કંઈ નથી. જે'વો દેખાઉં છું તેવો છું."

"ચાલ્યો જા, નહિ તો ત્હારાં ફુલબુલ ફેંકી દઇશું."

મ્હેં માર્ગ પકડ્યો. * * *

ધીમે ધીમે મ્હારા પગ તાલ દેતા હોય એમ જણાયા. વેગળેથી વીણાના જે'વું મધુરૂં મધુરૂં સંગીત ઉતર્યું. સ્વર બહુ દૂરથી આવતા હતા પણ સ્વર ઉપર જ ઉડતો હઉં એમ હું વગર ઇચ્છાએ તણાયો.

ગુફાને દ્વારે–બાર વગરનાં પોલાણે દસ દસ વરસનાં કંઇ પચીસેક બાળકો જુદાં જુદાં વાદ્યો સંવાદથી ગાતાં હતાં. હું ગયો તો ય સંગીત ચાલુ જ રહ્યું. અસંખ્ય તરવારો, નાણાંની અસંખ્ય કોથળીયો ગુફાના મુખ આગળ પડી હતી.

ગુફાની અંદર શું જોયું ત્હેની મ્હને ખબર

નથી. વચ્ચે કુંડ હતો અને ત્હેમાંથી ચંદની જે'વો પ્રકાશ ફુવારા પેઠે નીકળી, ગુફાના ઉપલા ભાગને તેજોરાશિ બનાવી પોલાણમાંથી બ્હાર નીકળતો હતો.

ન્હાનાં ન્હાનાં બાળકોએ પૉશમાં પાણી આણી મ્હને ખુબ પાયું. મ્હારા ફુલડે ફુલડે ત્હેમણે મોતી મૂકયું. મ્હારા રૂવે રૂવે ત્હેમણે સંગીત રેડયું. ફુલ, ભારી અને ડાંગ સાથે કે વખતે હું ઝુંપડીને દ્વાર આવ્યો ત્હેની મ્હને ખબર નથી. પણ કોક લાવ્યું.

બૂમ મારતાં મ્હારી સખી સ્હામી આવી. અમૃતભર્યું મ્હારૂં ચુંબન ત્હેને લુખું પડયું. કાઠી લીલી પડી. ફુલડાં ત્હેણે મને પાછાં આપ્યાં.

" આ ચીમળાઇ ગયલાં ફુલને હું શું કરૂં ? હેમની દાંડીઓ તો લુલી ઘા થઇ ગઇ છે. હેના તે ગજરા શી રીત્યે થાય ? મ્હારી લટે લટે એ ફુલ શી રીત્યે ગુંથાય ? લો, ત્હમારાં મોતીભર્યાં ફુલ. "

ઘણાં વર્ષો સ્વપ્નમાં જ વહી ગયાં. મોતી સટે આંખ્યમાંથી ફુલડે ફુલડે આંસુ સર્યું. જૂની વાત તે ભૂલી ગઇ હતી. મ્હારૂં આંસુ ચૂમી લેતી, ફુલને છાતી સરસું દાબતી.

* * *

—"કોણ હતું, એ ?"—

મ્હારી છાતી પણ દબાઈ. "ત્હમને શું થાય છે ?"

"કોણ હતું, એ ?" જાગતાં વેંત ત્હેણે હાથ ઉંચક્યો અને વિશાળ હૃદય ત્હેનું નીચે આવ્યું.

અંજલિ.

But that large grief which
these enfold
Is given in outline and no more

TENNYSON.

આ સરસ્વતીમંદિરની ભીંત્યો પણ વેદ અને ઉપનિષદનાં ગીત ગાય છે. આશ્રમને વળગેલી વેલડી ઝૂલે છે તાલ દેતી. વેલડીને હિંડોળનાર વાયુ આગળ વહી ગયો કે ભીંત્યોમાં પણ આત્મા પ્રેરનાર જ્યોતિએ આશ્રમને વિસારે પાડ્યું કે શું ? ભલા પ્રવાસી! ગુરુ વિનાના આશ્રમ ભાળ્યા છે ત્હેં ?

આ સૂનકારથી અજાણ્યા સાધુ! બ્રહ્મ ક્યહાં જગવવો છે? ત્હને કૉણ તેડે છે? સમુદ્રનાં મોજાં કે પુનિત વારાણસીનાં ગંગાતીર? ત્ય્હાંથી પણ ત્હારૂં તત્ત્વચિન્તન ગાજે, કે સંસારમાં પણ શાન્તિના તરંગ ઝીલીએ.

"હું ગુજરાતનો છું તેટલો જ ભારતમાતાનો છું. કુટુંબ છોડી પરિવ્રાટ્ થવું મ્હારે મન ઈષ્ટ જ છે; તથાપિ કુટુંબસ્નેહ ભૂલવાની તો મિથ્યા કલ્પના જ છે."

હમારા હૃદયમાં ત્હારા આ શબ્દો મૂર્તિમન્ત થઇ ગયા છે. એ મૂર્તિને સ્નેહરસથી અશ્રુરસથી સીંચીએ તોય ક્યહાં!

* * * *

"ભારત માતા! આદેશ?" આદેશની ભિક્ષા માગનાર આ કર્મયોગી કૉણ છે?

આ છે તત્ત્વચિન્તક કવિ. સૌન્દર્યનો ઉપાસક કવિ સૌન્દર્ય પાછળ સત્ય શોધે, કે સત્યશોધક ચિન્તક સત્ય પાછળ સૌન્દર્ય ઓળખે, ત્ય્હારે કવિ અને તત્ત્વચિન્તક ભિન્ન મટે છે. સત્યમાં સૌન્દર્ય

જોનાર આ છે તત્ત્વચિન્તક કવિ. હજુ પણ ત્હેનું ગાન મૂક છે.

પ્રાચીન વાઙ્‌મયના ઉપાસક દિવ્ય આત્મા ! ઉચ્ચાર ત્હારા ચિન્તનને, ખખડાવ્ય ત્હારા અન્તરના દ્વારને કે માનવી પ્રીછે સૌન્દર્યમાં સત્ય અને નીતિ (order) માં સ્વાતન્ત્ર્ય. એટલી પ્રાર્થના તો સ્વીકારજે.

*　　　*　　　*

પર્વત પરથી ઉતરી આવતી નદીના બંને કાંઠે ઉગેલાં ઝાડનાં પલ્લવો, અને વેલ્યોનાં પુષ્પો પાણીમાં ઝબોળાતાં ન્હાતાં ને નાચતાં મ્હેં જોયાં છે. ત્હારા આત્માના પ્રવાહ જગતમાં થઈને વહે છે, પણ જગતના નથી. તે પ્રવાહનાં પાણી હમારા હૃદયને ટપક ટપક થતાં વળગી રહયાં છે. હવે તો એ નદીના વ્હેણુની–પ્રવૃત્તિની–દિશા બદલાઇ ગઈ. કઈ ભૂમિમાં પુષ્પોને અને કુંપળોને તે ન્હવડાવશે કે નચાવશે તે તો ભવિષ્ય જાણે.

શંકર અને પ્લેટો; પારમેનાઇડ્ઝ ને કૅન્ટને ફરીથી જીવતા કૅાણુ કરશે ?

*　　　*　　　*

—અંજલિ—

ચિન્તનમય આત્મા ! જગતનો રોગ જાણ્યે રોગ નહિ મટે; માટે વૈદ્ય થા. વિજય પતાકા ત્હારી આગળ જાય છે. ત્હારા આત્માને પુકાર કે જગત પણ જાણે કે ભારતને હજુ પણ સાંપડે છે શંકર જેવા તત્ત્વચિન્તકો.

“ફફડાવી પાંખ્યો સોનેરી રચ રસયન્ત્ર તું રસઘરમાં; વિશાળ વ્યોમ માપી લે ને ન્હા તું સૂર્યકિરણના સરવરમાં.” એ જ અભિલાષા.

પ્રલયકાળનું જગત. તે, હું ને ભક્તસંઘ.

જગતના એક પ્રલયકાળે હું જીવતો હતો. હાસ્યનાં ફુલ ખીલી ચીમળાઇ ખરી ગયાં હતાં, અને નિરાશામાં આંસુના સમુદ્ર ભરાઇ જઇ ઝાંઝવાના જળ જે'વા થઈ ગયા હતા. તેવે કોઇ પ્રલયકાળે હું જીવતો હતો.

જૂનું દુઃખ સાંભરી આવે તેમ આકાશમાં સ્હાંજે ભૂતકાળ જે'વા લાગતા પશ્ચિમમાંથી એક રણશિંગુ ફુંકાયું. રણશિંગાના સ્વરે સમુદ્ર પર મોજાંની જ હોડીઓ મોજાંનાં જ વહાણો કૂદવા લાગ્યાં. રાખ જે'વું આકાશ અને રાખ જે'વો સમુદ્ર મનુષ્યનું ચેતન લઇ લેતાં હોય એમ વિકરાળ સ્વરૂપ ધરવા લાગ્યાં. મહાભારતની લડાઇએ

ાણની શય્યા ઉપર કેટલાક ભીષ્મ સૂતા હોય
ામ વેગળે કેટલાક પૂલ આત્મા જતો રહેતાં
ીષ્મના જડ શબ જે'વા પડી રહ્યા હતા. હેવે
ાઇ પ્રલયકાળે હું તો જીવતો હતો.

મ્હારી તો આંખ્યો જ જૂદી હતી. મ્હારે
ાક સખી છે. તે અગાસીમાં સ્હવારે તુલસીનું
ાન લેવા જતી. તુલસીનું પાન લેતાં તો લતા
'વી એ લચી પડતી. જગત બ્હાવરૂ થઈ ત્હેને
ારખતું પણ સૌજન્ય, સાધુતા અને પવિત્રતાનાં
ંનાં કંકણ ખખડતાં એટલે જગત નીચુ ઘાલી
ાંય ખણતું. આજે મ્હારી સખીએ ઈન્દ્રભુવન-
ાંથી ભભકને પૃથ્વીને પાટલે ઉતારી ભભકને જ
જી દીધી છે. તુલસીનાં પાન તો આજે ય તોડે
, પણ પાન તોડતાં દૃષ્ટિનું કિરણ અને કંકણનો
ાખડાટ જગતને જાણી જોઇને તંદ્રામાંથી જગાડે
. એ જાગવું એ તંદ્રાથી વસમું ન હોય તો
ારૂં. એ જાગવું નહિં પણ જાગરણ જે'વા પ્રલય-
ાળે જીવનની એક ભેખડે હું ઊભો હતો.

વેગળે લતામંદિર હતું. ત્ય્હાં પૂજારીઓ

ઘણુા હતા તો કોક ખરો ભક્ત અંદરના ઘુમ્મટની મ્હાર જ પોતાના નાચ તાન ચલાવી રહ્યો હતો. મૂર્તિને વેશ પહેરાવનાર ઘણુા પૂજારીઓ હતા, પણ કેટલાક ભકતોની દૃષ્ટિ તો આંખ્યોંજ ઉપર ઠરી હતી. ઘણુા ભક્ત પૂજારીઓમાં એક જૂની નાગરશી સંસ્કૃત થયલી પાઘડીવાળા ગભીર તેજથી દીપતા ભક્ત હતા. પાઘડી, એ હેમને મન ને મ્હારે મન, મર્યાદા, ડહાપણ, બુદ્ધિ—બહુ ઊર્મિ નહિં—પણ વિવેચકને માટે પૂરતી—એ બધાંનું મ્હાનું સરખું પણ જરા અણુઘડ ચિહ્ન છે. એ પાઘડી અને ખેસની હદ ઓળંગી કદી ત્હેમનાં બુદ્ધિચાતુર્યને અને સમતોલતાને એ જવા દેતા નથી. એ ખેસ અને પાઘડીની વચ્ચે મ્હારૂં મન ચશ્માંમાં ઘણી વખત પડી રહે છે. કોઇ અવનવી પણ ડહાપણ ભરેલી કલ્પના જમણા હાથની આંગળી ચશ્માના ખુણાને અડકે કે તરત મંદિરની—જગતની—આંતર દૃષ્ટિએ પડતી. આ ભક્તની આગળ પાછળ પણ ભક્તની બહુ નજીક નહિં—પૉશ ધરી કેટલાંક બાળકો ગાન કરતાં ને અમૃતસમી કલ્પ-

નાને ઝીલી લેતાં અને નિરંતરનો આસ્વાદ લેતાં. પાઘડીની નીચે જગતનાં દરદોની કાળી દીસતી અમૃતસમી અકસીર દવાઓ ભરાઇ રહી છે. તે કોઈ વખત પાછળથી દૃષ્ટિએ પડે છે. "મંદિરને અપવિત્ર કરવા કોઈ શુરવીર વિદેશી શત્રુઓ ચઢી આવતા પણ બ્રહ્મતેજભીની ભક્તદૃષ્ટિ નીચું જ જોઈ રહેતી. એ શત્રુઓ સ્થળને અપવિત્ર કરે તો પણ આશીર્વાદ આપવાનો સમય ચૂકતી નહિં. બ્રહ્મજ્ઞાન થયા પછી હૃદયને ક્ષાત્ર ધર્મથી ઉછળાવવાનો વિધિ હેમને માન્ય નથી. એ હૃદય શૌર્યના ખડ્ગથી ખેલી શકે એમ નથી. કોક વખત ભક્તના સંઘમાં ધક્કા લાગે તો ખમી લે છે; છતાં એ બ્રહ્મભીની આંખ્યમાં અમી અને હૃદયમાં આનંદ વરસી રહ્યાં છે." હાવી લાગણી ઘણાની છે. હાવી ધારણા મ્હારી પણ હતી, હવે નથી. બ્રહ્મભીનાં અમી અને આનંદ એટલાં જ છે. એ પુરૂષ તો જગતની ધમાલોના સાક્ષી જેવો ફરે છે. રોજનો ઇતિહાસકાર, હેની ટીકા તો દોડતી છે.

પાસે બીજા કેટલાક પાતળાશા ખેસ વગ-

રના નવી શોધખોળ પ્રમાણે માથાનો પાછલો ભાગ ઢાંકનારા સહૃદયી ભક્ત છે. એ મ્હોટો ભક્ત જાદુગર છે. દૂર દેશોમાં પોતાની ભક્તિ ગાય છે; ભજન કરે છે; અને નારદશું હસે છે.

ટેલીસ્કોપો અને માઇક્રોસ્કોપ મૂકી હેની સાથે બીજા એક શબ્દો જુવે છે. પેલો મીઠી દૃષ્ટિવાળો, વેગળેથી ભય પમાડનારો અંગ્રેજી ઠાઠમાં ફરતો આકાશમાંથી કેટલીક વસ્તુઓ ખેંચી લાવ્યો છે, અને મંદિરમાં ચન્દ્રની કોર્ય ઉપર બેસી ઉષા સાથે રમે છે. કદિક વીણામાં ફુલ ગુંથે છે, કદીક કાન માંડી સાંભળી રહે છે.

ટોપી, કોટ અને કાછડો મારી ફરતા, વસન્તના, સૌન્દર્યના, જૂનાના, નવાના, રસવેલી ગુજરાતણના પૂજારીનાં તો શાં વખાણ કરવાં? હેના જાડા સ્વરમાં તો શેલડીનો રસ છે, હેના વિશાળ પગલાંમાં યૌવનખેલ છે.

કોઇ ભક્તો ગટ્ટા છે, કોઇ જાડા છે. બેડોળ પથરાની કોઇ મૂર્તિઓ ઘડી રહ્યા છે. હેવા હેવા ભક્તો ફાવે ત્યહારે ભજન ચલાવે છે. એ પૂજા-

રીઓ કાંઇ એકસરખું જ ગાતા નથી.

ઘુમ્મટની બ્હાર પૂજારી થવા કેટલાક તલપી તરવરી રહ્યા છે. કોઇ નિરાશ થઇ ભક્ત સંઘની સ્હામે લડાઇ જાહેર કરી, બ્હાર એટલે, —તૉરી પણ નિરાશ—થઇ બેઠા છે.

એકે સસલું થઇ પેલા બ્રહ્મકવિ કરતાં ય મ્હોટું રૂપ લીધું છે. બીજાએ જરા મર્કટ વિદ્યા માંડી છે. મર્કટ થઇ ચટાપટા લગાવી કેસરીનું રૂપ લીધું છે. આ પ્રલયકાળે મર્કટ સસલાનો જ રાસ હોયને. સમુદ્રનાં વધતાં મોજાં એ મંદિરે ય પહોંચશે. હાવે પ્રલયકાળે મ્હારી ચેતના જતી રહેતી હતી.

આજે પ્રલય ઘમસાણો જેવાં કાળાં પાણી અશ્રદ્ધાળુ જગતના જીવનમાં શંકાનાં પડ ઉપર પડ નાખી પોતાનો પટ મ્હોટો અને મ્હોટો જ કરતાં જ જાય છે. આમ જમણે શ્વેત ગંગા ઉછળી રહી છે. દૂર દૂરના ઘાટ ઉપર બેસી શ્વેત ગંગાનું નિર્મળ ગીત ગાતો કોઇ અલૌકિક જગન્નાથ પ્રવાહને પોતા તરફ ઉછળાવે છે. પ્રલયકાળે

પેલાં શ્વેત અને પેલાં કાળાં પાણી સ્હામસ્હામાં અફળાશે. કોઇ ચિત્રવિચિત્ર જુવાનો કાળાં પાણીનાં આચમન કરી આવી કાદવ કચરો ભેગો કરી લાવી કાં તો પેલા ગાયકને કે કાં તો પેલી શ્વેત ગંગાને મલિન કરવા વેગળા ઊભા ઊભા ચારે પગે થઇ રહયા છે. કાદવ નાખીને પણ શ્વેત ગંગા તરફ પોતાની પૂજ્ય બુદ્ધિ બહલાવે છે.

સિંધુ ગંગાના પ્રવાહો અટકાવવા હિમાલયની આગળ પાછળ કોટડી બાંધવાનો પ્રયાસ વિચિત્ર મનુષ્યો કરી રહયા છે.

કિનારે ખડબચડા પથ્થરે બેઠો બેઠો હું બધું ય જોતો હતો. એ પૂલ, એ સખીની અગાશી, એ મંદિર, એ સાધુ, એ બધું ગળવા લાગ્યું. સમુદ્રનાં મોજાં ઠેઠ હેઠળ સુધી અફળાવા લાગ્યાં. સ્હામું ગળતી ટેકરી જે'વું એક મોજું જોતજોતામાં મ્હને તાણી ગયું, મનમાંથી તેમ દૃષ્ટિમાંથી બધું વિરમવા લાગ્યું. વધુ અને વધુ વિશ્વ ભૂતકાળમાં તણાવા લાગ્યું. વિશ્વ મટી સ્વપ્નસૃષ્ટિ બધું થઈ ગયું.

* * * *

ધીમે ધીમે ચંદ્ર શું કોઈ કિરણ આંખ્યમાં પેશી કંઈક કઠણુ તેજ કંઈક પોચું પીઠે લાગવા માંડ્યું. મ્હારી આંખ્ય જરીક ઉઘડીને મીંચાઈ. ત્હેના ભીના ગાલ, ત્હેની પાછળ કાળા કેશ, અને ત્હેની પાછળ પરદેનશીન ચંદા લપાઈ રહી હતી.

ત્હેનો ન્હાનકડો નાથ.

પ્રૌઢા વૃદ્ધાવસ્થામાં નમતી હોય અને ત્હેનું ફીકકું પડતું મુખ ધોળા કાળા કેશમાં વેગળેથી આછું દેખાતું હોય એમ આકાશમાં ધોળાં કાળાં પણ પાતળાં વાદળ પાછળથી સૂર્ય દેખાતો હતો. કપાળની ઉપલી બાજુએ એક ધોળી લટ પડી હોય એમ પાછળથી ભભુકતા તેજની ચાંદની જે'વી કોઈ વાદળી પડી રહી હતી. અંબોડો જાણું છૂટી ગયો હતો. બે ચાર જાડી લટો આમ તેમ વિખરાઇ હોય એમ વાદળી નીચેથી કસ્તુરી ભર્યા પુવારા શી તેજછાયા ઉતરતી હતી.

તે વખતે એક રાજવીર ઝાડને થડે ઘોડો બાંધી ભૂલાતાં પણ કદીક ભૂતાવળ મચાવતાં દુઃખ

જે'વી છાયામાં જરીક થાક ખાતો કશુંક નિરખી રહ્યો હતો. સ્હામે એક તેજસ્વી ભિખારણ દરદ ભર્યું ગાતી હતી. ત્હેના વસ્ત્રે ઢીંચણે પૂરા ઢંકાતા નહિં, અને શ્વેત ગાલ અને કાળા કેશ ઉપર ઝરણની છાંટ ઉડની. એ યૌવનનું જોમ નહોતું. એ સ્થૂલ પ્રેમથી હૃદય ઉભરાતું નહોતું; પણ દારિદ્રયે દુઃશાસનની ગરજ સારી હતી.

ખ્યારબહાદ્દૂર રાજવીરની દૃષ્ટિ ભક્તિ ઉપર નહિં, પણ યૌવનના ફાલ ઉપર ઠરી હતી. એ યૌવનાને ત્હેનું ભાન પણ નહોતું.

તાર તુટ્યો. તુમડું પડી ગયું. આશા પેઠે એક તારે કેટલું ગવાય! ગીત પણ સાથે બંધ પડ્યું. લોચન બ્હાવરાં પહોળાં થયાં.

રાજવીરે કહ્યું, "બાઇ! ત્હારે શું દુઃખ છે? મ્હારા મુગટમાંથી ત્હને મણિ કાઢી આપું. મ્હારા ઘોડા ઉપર ત્હને રાજમહેલે લઇ જાઉં ત્હને સ્નેહ–"

"ભલા રાજવીર તું ત્હારે પન્થે જા. મ્હારો નાથ ન્હાનો છે એટલે હું અનાથ છું એમ નથી. એ તો રાજરાજવી છે."

રાજવીરે તુમડાને લાત મારી ચાલવા માંડયું.

*　　*　　*　　*

તે દિવસે ન્હાનકડા નાથે રુસણું માંડયુ. માતાએ કહેલા ને દાસીઓએ પહેરાવેલા શણગાર ફગ્જેટી નાખ્યા. સુવર્ણપાટ ઉંધી નાખી ઉપર એ બાળક બેઠો. વસ્ત્ર છુટાં છવાયાં પડયાં હતાં.

સમ્રાટો ભેટ ધરવા આવ્યા; પણ ત્હેણે કશું ય લીધું નહિં, અને તુમતુમ કરી તાળીઓ પાડી બધાંને જતું રહેવાનું કહ્યું.

માતા આવી, અમૃતભર્યાં ધાવણ ધર્યાં; પણ ઓઠ પીસેલા જ રહ્યા.

પુરોહિત આવ્યા ને ન્હાની મ્હોટી ચોપડિયો ધરી. કક્કા પદાવલિ શિખવા કહ્યું. બાળકે પાટીમાં ધૂળ નાખી.

ધીમે ધીમે વેગળેથી ચીમળાયલી વેલ્ય જેવી પેલી ભિખારણ નજરે પડી. બાળકે હાથ લાંબા કર્યાં. આંખ્યમાંથી એક આંસુ ખર્યું. તૂટી ગયલી વીણા ભિખારણે ધરી અને આંસુનો આશરો બની. બાળકે ત્હેનાં આંસુ આંસુથી જાણે લોહ્યાં.

ભિખારણ ઉપર તેજ સિવાય વસ્ત્રો ભાગ્યે જ હશે. વેગળે ઘોડો દોડાવતો રાજવીર ઝીણી દૃષ્ટિએ પાછું જોતો હતો; અને સૂર્ય પણ એ યુગ્મને આંખ્ય ભરી નિહાળવા બહાર નીકળ્યો.

જૂનું ગીત.

તે નાદની સમ વિલીન થઈ હું જાઉં,
ને મૌનના ગહન સિન્ધુ વિશે સમાઉં;
નરસિંહરાવ

* * *

અહીંઆં તો કોઈ ભટકતો પ્રવાસી પણ જણાતો નથી. સન્ધ્યા વીતી ગઇ અને કોઇ માનવીનાં પણ દર્શન ના થયાં. આ નીચે ઉંડી ખીણમાં એક બખોલમાં ભરાઇ બેસી જળધોધનું સંગીત સાંભળીશ.

સ્હામે પહાડની કોયં ઉપર પર્વતે તિલક કર્યું હશે ? ના, એ તો વાંકો ચન્દ્ર છે. આ શ્વેત ધોધ પૃથ્વીને ધોવા ચંદામાંથી નહિ ઉતરતો હોય ? ત્હારી સામે તો જો.

—જૂનું ગીત—

પૃથ્વી ઉપરથી પાછી ઉછળતી ધોધની છાંટ મ્હારાં જીવનનાં જૂનાં સ્મરણો તાજાં કરે છે; અને ધોધની બે બાજુના પહાડો ઉપર ઉગેલાં ઝાડો ઝીણાં ઝીણાં પુષ્પથી મ્હોં પહોળાં કરી ઉંચે ઉડતાં રશ્મિમય બિન્દુ પિયે છે.

હશે, ભાઈ, પ્રકૃતિનો આત્મા ત્હારૂં સખી કૃત્ય કરતો હોય તો માનવીની ત્હને શી જરૂર છે?

"જૂનાં ગીત ત્હને કયાં સાંભર્યાં ?"

કોણ બોલ્યું ? મ્હારા આત્માનો પડઘો હશે ? આત્માના પડઘાએ વાગતા હશે કે ? સંસારની સખી ! ત્હારા હૃદયના પડઘા કાં નથી વાગતા આ ચૈતન્ય સૃષ્ટિમાં ?

પણ આ શું ? ચન્દ્ર તો પર્વત પાછળ જતો રહયો અને ધૂમસ જે'વો પ્રકાશ મૂકતો ગયો, અને ધૂમસ પેઠે મ્હારૂં સ્નેહજીવન સ્મૃતિપટેથી આઘું ને આઘું જ જાય છે.

* * *

સખી ! આપણે તો જ્યહારે સાત સાત વર્ષનાં હતાં અને જગત તો જૂનું પુરાણું લાગતું.

આપણાં ઝુંપડાં જે'વાં ઘર પણ ઉંચાં ઉંચાં લાગતાં. આંગળીએ આંગળી ઝાલી આપણે કેટલું ય દોડતાં.

સાંભરે છે ? એક વખત બહુ થાકી જઈ આપણે ઘાસમાં ને ઘાસમાં જ ઉંઘી ગયાં. પવનથી ઉંચું નીચું થતું ઘાસ આપણા ઉપર કમાન કરી રક્ષણ કરતું.

પણ આ બધું કૉને કહું છું ? તું અહીં નથી તો ત્હારૂં અસ્તિત્વ શું ? ત્હેને સંબોધવું શું ?

સમુદ્ર ઉપર ઉતરતા ઢોળાવ ઉપર ત્હારાં કેટલાં ય પગલાં પડયાં હશે. હજારો નવીન પગલાંથી કે દિવસનાં એ ભુંસાઇ ગયાં છે. અનન્ત મૃત્યુજીવન તરફ ઉતરતાં ત્હારી કેટલી ય પદ કલીઓ ખોલવાની રહી છે, અને મૃત્યુ પછીનો અનન્ત સમુદ્ર દૃષ્ટિમાં ય આવતો નથી. ત્હારા કે'વા આત્માને, ત્હારા કયા જીવનને શોધું છું એ પદ કલીઓમાં !

બોરસલ્લીના થડને અઢેલી બેસતાં ત્ય્હારે આપણા સ્નેહયજ્ઞમાં આહુતિ આપવા કેટલાં ય

પુષ્પ વાયુ ઝાડ પરથી ખંખેરતો. હજુએ ત્હહાં એક પુલ લેવા રોજ જાઉં છું. પુલ ન મળતું તો ત્હારૂં અવસાન આજે જ થયું લાગતું. આ કઇ જાત્યનું સમક્ષ અને પરોક્ષ થતું ત્હારૂં જીવન? તું છે ને નથી, અને નથી ને છે કેમ થાય છે?

*　　*　　*

અસ્તિત્વ એટલે પ્રત્યક્ષ? ને પ્રત્યક્ષ નહિં ત્હેનું અસ્તિત્વ પણ નહિં? આ જળધોધ જોનાર મ્હારી દૃષ્ટિ ન હોત તો ત્હેનું અસ્તિત્વ પણ ન હોત? ખોટું. પ્રત્યક્ષ–જ્ઞાન એટલે ગુણજ્ઞાન. આ સ્હામેના પહાડનું વસ્તુતત્ત્વ (Ding an sich-thing-in-itself) એટલે એક માની લીધેલી કલ્પના, એક ખ્યાલ માત્ર.

સખી! ત્હારૂં અસ્તિત્વ એટલે એક ખ્યાલ માત્ર જ હશે? હેવું ઝાકળ જે'વું, આકાશ જે'વું ત્હારૂં અસ્તિત્વ મ્હને મુબારક હો! તું કલ્પનામય થતાં ત્હારા કલ્પનામય જીવનની આગળ પાછળ ભ્રમર પેઠે ભમ્યા કરાય તો ય કય્હાં?

આઘે દૃષ્ટિપથમાં એક તારક સરી પડ્યો

અને વીજ માફક વિચાર જાગ્યો કે અસ્તિત્વ એટલે શું? જગતમાં આ બધાં છે માટે હું છું કે હું છું માટે આ જગતમાં બધાં છે?

માનવી વ્યક્તિ કે જાતિ? કવિની કવિતામાં ગવાતા વ્યક્તિગત અનુભવોથી ત્હારૂં હૃદય કેમ દ્રવે છે? ત્હેની અને ત્હારી વચ્ચે કંઇ સામ્ય હશે-સ્તો. ત્ય્હારે પશ્ચાત્તાપ કરતું ઉર કોના ગુન્હા માટે રડે છે? પણ પશ્ચાત્તાપનું કાવ્ય વાંચતો હું વગર ગુન્હે કેમ આંસુ ઢાળું? વ્યક્તિએ ખરી અને જાતિ પણ ખરી; અગર બન્નેય નહિં. સખી! તું નથી તો હુંય નથી; હું છું તો તુંય છું.

કૃષ્ણ બંસીમાંથી સુર નીકળતાં વિશ્વ જન્મ્યું. તું અને હું એ બંસીના બે સુર. બધા સુરનું હૃદય એ કૃષ્ણહૃદય. બંસીસંગીત વિરમતાં વિશ્વ વિરમી જશે. આપણે પણ ત્ય્હારે અનન્ત હૃદયમાં ઉતરી જશું.

આ જડસૃષ્ટિ—જડસૃષ્ટિ કેમ કહેવાય?—આ બાહ્યસૃષ્ટિમાં અંધકારના ઓછાયા આવવા લાગ્યા; અને મ્હારૂં ચેતન પણ ઉંઘવા લાગ્યું. કોઈ અન-

ન્ત આત્મા–સત્યવાનના આત્માને લઇ જનાર યમની પેઠે–ઘોઘના અવાજને આઘે ને આઘે લઈ ગયો.

અંધકારસૃષ્ટિ જન્મતાં ત્હેની માતા ઉજ્જ્વલ સૃષ્ટિ રડતી હોય એમ વેગળે શિયાળોની સામટી ચીસો સંભળાવા લાગી; અને ત્હેનો જન્મ સુખ-શાન્તિમાં થઇ ગયો હોય એમ આગળ પાછળ શાન્ત શાન્ત થઈ ગયું. સૃષ્ટિ બદલાઇ ગઇ, ને હું ઉંઘી ગયો.

ઘુવડ બોલ્યું "કોણ જાણે"

The reading of an ever-changing tale.

*   *   *   *

Was it a vision, or a waking dream?
Fled is the music:--Do I wake or sleep?

KEATS

ચંદાના શીતથી સમુદ્રને પણ ટાઢ વાતી જણાય છે. આ ત્હેના તરંગો એ જ સૂચવે છે. પેલાં ઢોળાવ ઉપર ભૂત જેવાં કોણ બેઠાં હશે? એ પણ ધ્રુજે છે. ચંદામાં શું કરવા ન્હાતાં હશે? ના, ના, ધ્રુજતાં તો કંઇ નથી. હેમનાં વસ્ત્ર જ ફરફરે છે. છાનીમાની શી વાતો કરતાં હશે? લાવને, ઝાડને ઓથે બેસી સાંભળી લઉં.

*   *   *   *

"વ્હાલી? ગયા ભાદ્રપદની સન્ધ્યા તો સ્મરણમાં હશે. દેવમંદિરેથી આંબાવાડિયામાં ભરાતાં આપણો પ્રથમ મેળાપ થયો. ચક્ષુમેળાપ કે હૃદયમેળાપ, ત્હને ફાવે તે કહેજે. એ મેળાપ તે આપણા લગ્નનું—રસિક જીવનનું—આકસ્મિક કારણ"

"ત્હારે લોહચુંબકો જે'વાં હૃદયનાં ચુંબકોની વાસ્તવિકતા તે અવાસ્તવિકતા જ હશે? મ્હારી વીણાના સંગીતથી તો ત્હમે પણ આ સ્થૂલ જગતનાં તત્વો કાલ, સ્થલ અને કારણનું ભાન ભૂલતા. ત્હારે હૃદયના સંગીત જે'વું કંઇ જ નહિ હોય? લગ્નથી જન્મતો સ્નેહ અને સ્નેહથી જન્મતાં લગ્ન અકસ્માત જ? યુગલનો પ્રેમ એટલે બાલિકાની ઢીંગલી?"

ઘુવડ બોલ્યું, "કોણ જાણે!"

"શકુન્તલા! આ 'હું' નો જન્મ પણ અકસ્માત નહિ તો બીજું શું? માત પિતાના આકસ્મિક લગ્ન સંયોગથી જન્મ્યું આ 'હું'"

"બીજ મૂક્યું બગીચામાં આપણે, અને પ્રભુએ આત્મા ઉતાર્યો. પ્રભુ જન્માવશે, જગત ધવ-

રાવશે. આપણી વાડીના બોરસલ્લી, ગુલાબ અને આમ્રવૃક્ષને વાવનાર અને પોષનાર આપણે. બાલક છોડ ઉપર ખીલતાં પુષ્પથી, વાડીના લીલા ઘુમ્મટમાં થતા પક્ષીના કોલાહલથી કેટલા ય આત્મા આહ્લાદ પામે છે. એ સૌન્દર્યલીલા આપણા જન્મથી જન્મી. સૃષ્ટિસૌન્દર્ય એટલે માયા જ હશે?"

ઘુવડ બોલ્યું, "કોણ જાણે!"

"જીવન એટલે અકસ્માત"

"એ અકસ્માત પાછળ કોઈ સ્વયંસિદ્ધ તત્ત્વ નહિં હોય?"

"જો તો ખરી, આ ડાળીની છાયા ત્હારા મુખ ઉપરથી જતી રહી. કચ્હારનો ય કુમુદપતિ ત્હારા મુખને શોધતો હતો. પણ આ પાપી તો ત્હારા કપોલમાં ભરાઈ જાય છે. મ્હારા ઓષ્ઠથી મ્હને એ દુષ્ટને બ્હાર કાઢવા દે."

"બ્હાલા! પ્રકાશ કે'વા અભિનયેનો હેતુ બને છે?"

"પ્રકાશ પણ વિશ્વના જીવનમાં અકસ્માત છે. સૂર્ય ક્ષીણ થઇ જશે, અને અંધારામાં ઘૂમશે

આખું વિશ્વ. વિશ્વ તિમિરનો અભાવ એ પ્રકાશ નથી, પણ પ્રકાશનો અભાવ તે ગૂઢ તિમિર. એ અંધારૂં એ જ વિશ્વનું અવસાન."

"ત્હમે જ નહોતું કહ્યું કે 'ઈથર' ના તરંગે તરંગે પ્રકાશ છે અને વાદળના અણુએ અણુએ વિદ્યુતનું જીવન છે; તો સૂર્યના અભાવે ગૂઢ તિમિરની સ્થિતિ કેમ સંભવે? પ્રિય, પ્રકાશ જે'વી જ વસ્તુ ચિરસ્થાયી ન હોય?"

ઘુવડ બોલ્યું "કૉણ જાણે!"

"પ્રિય શકુન્તલા! જીવન એ ક્ષણજીવી અકસ્માત અને મૃત્યુ એ ચિરસ્થાયી જીવન. સરોવરના બુદબુદ પેઠે, સમુદ્રના તરંગ પેઠે, જન્મીએ છીયે, તે મૃત્યુ સમુદ્રનો એ વિવર્ત. દેહ જતાં મૃત્યુનું જ અવસાન થાય છે, જીવનનું નહિ. બ્રહ્મ એટલે અવસાનમય "सर्वमिदम्" જીવન, અને વિશ્વ એટલે तस्मात् वा एतस्मात् જન્મેલો આકસ્મિક વિવર્ત. "જીવનનુ કારણ પણ અવસાન અને હેતુ પણ અવસાન, તો કર્મની સ્થિતિ ક્ય્હાં રહી? કર્મ એટલે સ્વાર્થ જ હશે? ભક્તિ એટલે

આડંબર વિના કંઈ નહિ ?"

ઘુવડ બોલ્યું "કૉણ જાણે !"

કર્મ, ભક્તિ અને જ્ઞાન એ ત્રણેની અનન્ત એકતા છે, એ ત્રણેને દોરનાર કોઈ એક જ હોય તો હોય.વશે કવશે આપણે એ તત્ત્વમાં જ ભળવાના"

"ત્હારે વ્હાલા ! જીવનના અકસ્માત અને વિશ્વના અકસ્માતની પાછળ કોઈ શાસક તત્ત્વ કેમ ન હોય ? અનન્ત ઉત્ક્રાન્તિનો હેતુ જીવનમાં કેમ ન સમાયો હોય ?"

"મ્હારૂં દિવ્ય શકુન્ત જાણે છે કે તત્ત્વજ્ઞાન ક્ય્હાં સુધી દોડશે ? કલાથી પ્રકૃતિનું થએલું આલેખન પ્રકૃતિનું સાચું સ્વરૂપ શી રીત્યે બતાવશે ? "કલા અને પ્રકૃતિ"નું એક ચિત્ર મ્હેં જોયું છે. એ ચિત્રકાર માનવીને કેટલો છેતરે છે ? પ્રકૃતિનું કલામાં આલેખન એટલે પ્રકૃતિનું અસ્તિત્વ ક્ય્હાં રહ્યું ? એ ચિત્રકાર તો કલા અને કલા જ બતાવે છે. મનઃશાસ્ત્રના ઉચ્ચાર માટે આપણા મનને જ જીભ થવું પડે છે. વિશ્વની અનન્ત એકતા શોધવા જીવનની, જીવની અનેકતાનો માર્ગ

સ્વીકારવો પડે છે. આથી તત્ત્વચિન્તન માનવીનું હોઈ ભ્રાન્તિ મટાડવાને માટે આપણે મૃત્યુજીવનને જ શોધીશું. વિશ્વના છૂપા ભેદ શોધવા તર્કશાસ્ત્ર લંગડું બની જાય છે. અજગતમાં જ એ તત્ મત્ જડશે, જગતમાં જે નહિ જડે તે.

*　　*　　*　　*

વાદળાંમાં ચન્દ્ર સંતાઇ ગયો ઝાડ ઉપરથી ફડફડાટ સંભળાયો. ઘુવડ 'કોણ જાણે' 'કોણ જાણે' કરતું ઉડી ગયું. ભૂત જેવો હું ઉભો થયો અને સ્વપ્ન પૈઠે જતો રહ્યો. યુગલના અભિનયો ઉઘાડી આંખ્યે જોતાં મ્હને તો શરમ આવી.

પ્રભુ પાંખો ક્‌ય્‌હારે આપશે ?

My love has talked with rocks and trees.

TENNYSON

વાદળ જે'વા પર્વતને શિખરે એ વિદ્યુત્ કોણ હશે ? એ તો મ્હારી સખી. મ્હને ઓળખતી નહિં હોય કે મ્હને જોવા છતાં તળેટીએ આવવા ત્હેના પગ ઉપડતા નથી ? છાતી સમાણા પર્વત ઉપર મ્હારાથી શી રીત્યે ચઢાય ! પ્રભુ પાંખો ક્‌ય્‌હારે આપશે ?

" વિશ્વની સિતાર સાંભળ કે પાંખ વહોણા આત્માઓ પાંખવાળા થાય."

એ શી રીત્યે સાંભળું ? કબુતરોના કલવ-

લાટ અને લખલખાટથી અને ઉન્મત્ત થઈ સમુદ્ર તરફ દોડતી નદીઓ જોઈને તો સંસાર સાંભરે છે. કિલકિલ કરતી કુદરત આત્માને ઉતારે છે, ચઢાવતી નથી.

" માનવી ! પુષ્પની પાંખડીઓનાં સંગીત સાંભળ્યાં છે ? પક્ષીઓના આત્મામાં ઉતર કે ત્હેમનું સંગીત અને ત્હારૂં સંગીત એક રાહ્રી થાય."

સ્નેહીજન દેખાય છે છતાં હસ્તગત નથી. ઓષ્ઠના થરથરાટ અને આંખ્યોના ચમકાર ફોગટ છે. દૈવી દેહ નીચે નહિ જ ઉતરે. ઉંચે જોઇ ડોક દુખી જાય છે. પ્રભુ પાંખો ક્યહારે આપશે ?

" ઈશ્વર હશે કે નહિ હોય પણ પ્રકૃતિને ભાળ, પ્રકૃતિ એ જ આદર્શ કલા છે. એ આદર્શ કલાને વિલોકય; મહાન ચિત્રકારની ત્હને શી પડી છે. ત્હેના ચિત્રને તો જો."

ચિત્રમાં આત્મા જડતો નથી, પણ તું જ ઉભરાય છે. પર્વતને શિખરે દીપક સમી તું વસી તો પર્વતની બાજુએ વહેતી આ ન્હાની મ્હોટી નદીઓ રાસ ખેલતી હશે ? તું ત્હારો ગરબો શરૂ

કર્યું કે નદીઓ ત્હેને ઝીલે, વૃક્ષનાં પાંદડાં તાળીઓ પાડવા બેસુમાર મત્ત બન્યાં છે.

ઉપર ત્હને જોઉં છું, પવનના સુસવાટાથી વારે ઘડીએ ત્હારૂં ઝીણું ઝૂલતું વસ્ત્ર શરીર સાથે અફળાય છે; કંઇક ચોંટી જાય છે. તળેટીમાં વૃક્ષ ઉપર પથરાયલી વેલ્ય એ જ સૂચન કરે છે. વિશ્વના આત્માને કય્હાં શોધું? પ્રકૃતિમાં તો તું જ દેખાય છે, અને તું ઉપરથી ઉતરતી નથી.

" આકાશના રંગોની અનન્તતા જો; ઉષાની ગંભીરતા જો. પ્રકૃતિમાં ત્હારા મનની પ્રતિકૃતિ કય્હાં જુવે છે? ત્હારા આત્માની પ્રતિકૃતિ જો."

આ હૃદય આવેશથી તૂટું તૂટું થઇ રહ્યું છે. ત્હેને કય્હાં ભેટતી નથી? પ્રભુ પાંખો કય્હારે આપશે?

" કવિતા જન્માવ ત્હારા હૃદયમાં અને સિંચજે ત્હેમાં બુદ્ધિનાં નીર. પ્રભુ પાંખો ત્ય્હારે આપશે. "

બુદ્ધિ અને હૃદયનો વિરોધ કય્હાં શમે છે કે બુદ્ધિનાં નીર હૃદયસરિતાને મળે? બુદ્ધિ અને હૃદયનો વિરોધ કેમ સંભવતો હશે?

" જો સાંભળ. ગીતા જે'વાં ધાર્મિક પુસ્તકનું તત્વચિન્તન અક્ષરશઃ સત્ય માનવાનો સમય ગયો છે. તર્કશાસ્ત્રથી ઉદ્‌ભવતાં સત્યો પણ હૃદયને અ-ગમ્ય જ રહેવાનાં. આથી સામાન્ય મનુષ્યનું મન કવિતાનાં ચિન્તનને કે હૃદયને ચિન્તનને ભેટી પડ્યું.

" તું નથી જો સત્ય, તો
આત્મ મુજ પરમાત્મને
સર્વ છે જ અસત્ય; એ
મુજ હૃદયમતિ કહે ના બને."

કવિઓની એ હૃદયમતિ જનસમાજની પણ હૃદયમતિ થાય, અને કુતર્કશાસ્ત્રી સુતર્કશાસ્ત્રી હોય તો પણ નિન્દાય એ માનવીના સ્વભાવનું જ પ-રિણામ છે. મનુષ્યના જીવનમાં પ્રેમનું પ્રધાન સ્થાન હોવાથી, પ્રાકૃત જનને તેમ જ બીજાને પણ એ હૃદયમતિ માટે પક્ષપાત થાય. આદર્શ સુખનો સાધારણ રીત્યે જીવનમાં અભાવ હોય છે; એ આદર્શ જીવન આપણા વાસ્તવિક જીવ-નની બહાર શોધીયે છીયે; અને તેને કવિ કે ન-વલકથાકાર પૂરૂં પાડે છે, હાવો કવિતાનો ગૌણ આશય–આદર્શ ભાવનું નિરૂપણ કે ભાવનામય

રસ અને વાસ્તવિક જીવનની સંપૂર્ણ પ્રતિકૃતિ કવિતાના વિચારને, આત્માને, આપણી મતિમાં ઉતારી દે છે. આથી સંભવે છે બુદ્ધિ અને હૃદયનો કેટલોક વિરોધ. ”

હૃદય અને બુદ્ધિનો વિરોધ અને તેથી નીપજતો પ્રેમ અને સત્યનો વિરોધ શું માયા જ હશે? કે વિવર્તલીલા? હૃદયનાં તત્ત્વો ઘણી વખત બુદ્ધિ સાંખતી નથી. બુદ્ધિનાં તત્ત્વો હૃદયને ભેટતાં નથી. તો ઉન્નતિના સાધક અને બાધક અંશો ચાલુ જ રહેવાના. હેવી સ્થિતિમાં પ્રભુ પાંખો ક્યહારે આપશે?

“ હૃદય અને બુદ્ધિને એક વાજિન્ત્રમાં ઉતાર. નવું નથી લાગતું તોપણ હેમાં ઘણું નવું છે.”

* * * *

મ્હણે મ્હને કોણ બોલાવે છે? હા, એ તો મ્હારી સખી નદીમાં ન્હાતી ન્હાતી મ્હને બૂમ મારે. સ્નેહી સાથે નદીમાં ન્હાવા મ્હને દોડી જવા દે.

સાંભરે છે ?

મ્હેં શું કર્યું? ઝુંપડે ઝુંપડે અમૃત ફેરવાનું આદર્યું; જગતને જોઇતું જ નથી પ્રભો! ત્હારી ચાંદની સર્વવ્યાપી થઇ શકે છે. વિશ્વની નિશામાં ત્હારૂં તેજ જાગતું છે. માનવીના હૃદયની નિશામાં પણ ત્હારી ઇચ્છા હશે ત્ય્હારે પ્રકાશ ઉતરશે. માનવીને, માનવીને શીખવવાનો શો હક છે? જગતમાં દેખાય છે એક પણ વ્યક્તિ માત્રનું જુદું જગત. મતભેદ એટલે જગતભેદ. વિશ્વના દરદથી બધા ય પીડાતા છતાં વિશ્વના બધાય દાક્તર, તો મ્હારા જે'વો વૈદ્ય થવાનો ડૉળ નહિ કરે તો ય શું? કૉણ કૉની દવા કરે છે?

હા! પ્રભુ! ત્હારૂં અસ્તિત્વ પણ જાણે સ્વે-

ચ્છાએ સ્વીકારૂં છું. જો બુદ્ધિ અને ઇચ્છા ત્હેં જ આપ્યાં છે તો એકનો માર્ગ બીજાથી ભિન્ન કેમ? બુદ્ધિ પણ અસ્તિત્વના ચી'લાથી કેમ વિમુખ થાય? અત્યારે પ્રકૃતિની લીલા છે તો પ્રભુની લીલા જોઈ શકું છું. કાલે મ્હારૂં પાપ જોઇશ ત્ય્હારે ત્હારી અકૃપા જોઇશ. જગતમાં પાપ હશે પણ તે શુદ્ધ રીતે હું ન જોઇ શકું; મ્હારો પ્રત્યગાત્મા મ્હારા પાપનો સાક્ષાત્કાર કરી શકે છે. જેટલા મ્હારા દોષ તેટલી ત્હારી અવકૃપા અને અવકૃપાનું ભાન એટલે અનસ્તિત્વમાં પ્રવેશ.

"પણ અલ્યા–"

કૉણ બોલ્યું?

"પણ ભાઇ, સ્વેચ્છાએ અસ્તિત્વ, અનસ્તિત્વ સ્વીકારે છે; એ સ્વેચ્છા કૉની? એ સ્વેચ્છા શું?"

આ પરિચિત સ્વર કૉનો?

"કહું છું. થોભ્ય. સાંભરે છે પેલું મંદિર?"

હા, કયું? હં, ભાગીરથીના તટ ઉપર આપણા–મ્હારા–ગામથી થોડેક દૂર. હા, હું ત્ય્હાં રોજે જતો.

"હું ત્ય્હાં રોજ જતી."

આ કૉણ બોલે છે? કુમારી? કુમારી! મ્હારી કુ–કેમ આવતી નથી? જગતસેવાનો અંચળો મ્હારે નથી જોઇતો. મ્હારૂં જગત તું. ત્હારા અવસાનથી જ ઉદ્‌ભવ્યો મ્હારો સંન્યાસઃ જગતસંન્યાસ નહિં પણ સંસાર સંન્યાસ. ત્હારૂં આગમન–પણ અવસાનમાંથી આગમન કે'વું? સંન્યાસમાંથી સંસાર કે'વો?

પણ છે ને અવસાનમાંથી અવતાર અને સંન્યાસમાંથી શંકરના જે'વો પ્રેમમય સંન્યાસ. સાંભરે છે? મંદિર સુધી તો આપણે ઘણી ય વખત સાથે આવતાં. પણ ત્યાર પછી?"

તું–હવે તો બોલનાર તું કુમારીજ હઈશ–તું અંદર જતી અને હું તો દહેરાના આસપાસના ઓટલા ઉપરજ બેસી રહેતો. મંદિર અંદર મ્હને કૉણ જાણે કેમ, જવું જ ન ગમતું.

"હજુ સાંભરે છે?"

હા, એક વખત તું ત્હારી ભક્તિમાં ઘણી તલ્લીન થઇ ગઈ અને હું બહાર બેસી રહેલો તે થાક્યો.

"પછી ?"

પછી બાજુમાંની ઓસરીમાંનું ઢોલકું ખુબ જોરથી વગાડયું, અને ત્હેની અસર શી થાય છે તે જોવા દોડી ઓટલા ઉપર ચઢી બાજુમાંના ભીંત્યના જાળિયામાંથી જોયું, તો ઘડીભર ભક્તની ભક્તિનો હું ભક્ત બની ગયો. તરત જ સ્હામે ત્હારૂં મુખ દેખાયું ને ઓઠ ફફડયા. "संशयात्मा विनश्यति." "હવે સાંભરે છે ?"

ત્યાર પછી થોડાજ વખતમાં ત્હને ક્ષય લાગુ પડયો અને ત્હારૂં અવસાન થયું.

" હું—આ પૂર્વજન્મની ત્હારી કુમારી— અત્યારે તું મ્હને પ્રિય છે ને તે વખતે પણ પ્રિય હતો. અને તે વખતની જેમ ફરીથી કહું છું કે " संशयात्मा विनश्यति "·

મારો પણ એજ પુકાર.

" થયું; ત્હારા અશ્રદ્ધાજીવનની આજ પૂર્ણાહુતિ. ચાલ થોડું સ્વર્ગનું ડોકીયું કરાવું. "

* * * *

ઓમ્ તત્સત્ના બ્રહ્માંડભેદી પુકાર પુકાર કે

મ્હારી અને ત્હારી કથા સમુદ્રના સ્વર શી કે આકાશના તારક શી વ્યોમમાંથી ઉતરે. **ज्ञाज्ञौ द्वावजौ ईशानीशौ** નો અનંત સ્વર, માનવજીવનનો દિવ્ય લેખ, બ્રહ્માંડની અનિર્વચનીય ઋચા ક્ય્હાં ગવાય છે સખી ?

" યેગળે પુલનો પમરાટ છે, અને પુલસમાંનું યોગી ! સંગીત છે ત્ય્હાં. "

પણ આ સૂર્યસમા ત્હારા ઓજસથી રાત્રિસમા મ્હારા અંચળામાં કાં ભરાય છે તારકગણ ! અલંકારથી નથી શોભતી મ્હારી સંન્યાસદીક્ષા.

* * * *

એમ સ્વપ્ન પૂરૂં થયું અને સૂકા રણ જે'વું જગત એકદમ ખડું થયું.

પ્રભુતા ભણી પશ્ચાત્તાપ

" બેટા, મોજાં બહુ ઉછળે છે; બહુ દૂર જા માં. એ છીપોલીઓમાં ત્હને શું મળે છે ? "

" હું—આઇ—બા... " દોડતું દોડતું બાળક મા પાસે આવ્યું.

* * * *

મ્હારો ઇતિહાસ વિચિત્ર છે. એ પૃથ્વીને ત્યજ્યે બહુ સમય વીત્યો નથી. પ્રભુનો ન્યાય હેવો થયો છે કે મ્હારે મંગળ અને પૃથ્વી ઉપર અદૃશ્ય સત્વ તરીકે પશ્ચાત્તાપ કરતા ભટકવું. સમુદ્ર ઉપર કે ખીણોમાં, પર્વતો કે શહેરોમાં અશ્વત્થામા જેમ અણુદીઠયો રખડું છું. અન્તરનો તાપ સહન ન થતાં કોઇક વખત પુલની પાંદડી

ઉપર બેસું છું તો પાંખડીઓ જાણે બળી જાય છે! મ્હારા ઘસારાથી પાંદડાં પરનાં જળબિન્દુ ખરી પડે છે. યક્ષના શાપને અવધિ હતી; મ્હારા શાપને પણ છે. ક્ય્હારે છે તે યક્ષ જાણતો હતો; હું તે નથી જાણતો. આ બાળક અને ત્હેની માતા જોઈ મ્હારો આત્મા કંઇક ઉલ્લાસે છે, છતાં અન્તરમાં ધ્રૂજારો ઉઠે છે. સા'મે સમુદ્રની અનંતતા કાળની અનન્તતા સમી પડી છે. સમુદ્રનાં મોજાં ઉછળી ઉછળી છીપોલીઓ જેવા મનુષ્યના ભાગ્યની મશ્કરી કરે છે. પર્વત પાછળથી કોઇ દૈવી બાળકે રમતમાં ફુલ ભરેલી ચાંદીની રકાબી ફેંકી હોય તેમ ચંદ્ર ઉગ્યો અને ઉગતાં વેંત રકાબીમાંથી ખરી પડી ફુલ, ફુલ—બધાં પૃથ્વી પર વેરાઇ ગયાં;—કાં તો સમુદ્રના અનન્ત ઉંડાણ સુધી ઉતરી પડયાં. એવે જ સમુદ્રમાં વેગળે ધૂ ઊ ઊ........ કરતો અવાજ થયો ને મ્હને થયું કે વાયુપૂર્ણ દડાને એ દૈવી બાળકે પર્વતની પાછળથી ઠેસ મારી કે શું? કલ્પનાને થયું કે હમણાં એ શ્વેત દડો સમુદ્ર પર પડશે, પણ ચન્દ્ર દર્શનથી કલ્પના ત્ય્હાં જ અટકી.

હાં; ચંદ્ર ઉગતાં પેલી સ્ત્રી તળેટી પર આવેલી પોતાની ઝુંપડીમાં બાળકને ઘડીમાં આગળ દોડાવતી, ઘડીમાં માતાની પદકલીઓ ગણતા, બેસી પડતા તે બાળકને " ઝટ ચાલ્ય, બાપુ ! " એમ કહેતી, શ્વેત વસ્ત્રથી જાણે ચન્દ્રમાંથી હમણાં ઉતરી હોય હેવી દીસતી, સમુદ્ર તરફ આવી. કિનારાપર એક ન્હાનો રેતીનો ઢગલો કરી બાળકે પોતાની માતાને તે ઉપર બેસાડી, ને પોતે પાણી તરફ આમથી તેમ ખોળામાં છીપોલીઓ ભરવા દોડવા લાગ્યો. એ આ સમય.

બાળક બોલ્યું: " હેં બા, આ શું ? છીપોલીઓ ! તું બારણે ફુલ મૂકે છે, ને આ જો; એ ન મૂકાય ? "

" એને, બેટા, સ્વસ્તિક રચવાં કહે છે. "

" તે શાનાં થાય ? "

" ફુલનાં ય થાય ને કંકુનાં ય થાય. "

" કેવાં હોય ? "

" એ સ્વસ્તિક લાલ હોય, "

" તે બા, તું હેવાં લાલ છસ્તિ કેમ નથી કરતી. "

"આપણાથી ના થાય. બીજા લોક કરે."

"બા, એ બા; તું બોલતી કેમ નથી ? આપણા એ વગર બીજા લોક છે ? ત્ય્હારે આપણે એકલાં કેમ ?"

વિજળીના ચમકારે દૃષ્ટિ ફેંકતાં આકાશ ઉપર ચઢી આવતાં વાદળ નજરે પડે તેમ માતાના હૃદયમાં ચીરો પડતાં ભૂતકાળ ખડો થયો.

—"પ્રિય અનન્ત! પ્રિય શું કામ થયો ? જો તું પરણેલોજ હતો તો યોગીઓનાં દર્શને આ પર્વતોમાં કાં આવી ચઢયો ? આવ્યો તો હમારા ઝુંપડા સ્હામી ઝુંપડી કાં બાંધી ? પ્રિય અનન્ત ! આટલેથી પત્યું હોત તો પર્વત પાછળના મ્હારા યોગીપુરને ત્યજવાનો વારો ન આવત. મ્હારી વેણી ગૂંથવા કયાંહીથી યે તું બોરસલ્લીના પુલ શું કામ રોજ લાવતો ? એક વખત તેં શું કામ કહ્યું: પ્રજ્ઞા, પ્રજ્ઞા! લાવ, ત્હારી લટોમાં હું પ્રુલ ગૂંથુ ? સાંભરે છે અનન્ત? મ્હારા કેશને ચૂમી ત્હારા પાપનો માર્ગ ત્હેં મૉકળો કર્યો. હવે નહિ કહું. પણ પર્વતને ને સમુદ્રને સાંકળતી પેલી ગુફામાં હવે હું નથી જતી. મ્હોં મ્હોળું કરી ત્હારા અને મ્હારા

પાપની એ સાક્ષી પૂરે છે ત્ય્હાં જ આપણે—આ બાળકના એ પિતા અનન્ત! 'પિતા થઇશ' એ પાપની પ્રત્યક્ષ ઘોષણા ત્ય્હાં જ ત્હારા હૃદયમાં થઇ.

પાપની ઘોષણા થતાં હું મ્હારે મન ઉતરી ગઇ. તું મ્હારે મન ઉતરીગયો. ત્હારા હૃદયમાં પણ સ્નેહના તાર છેલવેલ્લા રણકાર કરી તૂટી ગયા!

ત્હેં સમુદ્રમાં ઝંપલાવ્યું, અને તે જ ગુફા આગળ પાપના છેલ્લા સ્મરણાવશેષ ત્હને મ્હારાં સગાંએ બાળ્યો. પછી—

યોગીપુરનો આદેશ છે કે માતાઓને પૂજવી. હું પાપી હતી પણ માતા બનાવવા સમય વાટચ જોઇ રહ્યો હતો. પણ શરમની મારી—પાપની શરમની મારી— યોગીપુરથી છુટી પડી પર્વતની આ બાજુ ઝુંપડી બાંધી રહું છું. યોગીપુરમાં મ્હને સજા થઇ છે કે મ્હારા દેખતાં કોઇએ શણગાર ન સજવા, કોઇએ ગાવું નહિ, અને કોઇએ મ્હને ફૂલ ન આપવાં. જાતે ફૂલ વીણી લાવી પશ્ચાત્તાપની એક આહુતિ તરીકે આંગણે ફૂલનો સ્વસ્તિક રચું

છું કે એટલા તો પ્રભુતાના ભણુકાર વાગે. પાપ કર્યે પશ્ચાત્તાપ એ પ્રભુતા તરફ પગલાં માંડવાં–"

* * * *

માતાના આત્માએ મ્હારા આત્માને સંદેશ મોકલી દીધો, ને મ્હારા હૃદયમાં પણ ભૂતકાળ જાગ્યો. તે અનન્ત—તે પાપી–તે હુંજ. હાય, હુંજ! બિચારી પ્રજ્ઞા જોઇ શકતી નથી કે તે પાપાત્મા અનન્ત ત્હેની પદરજ ચૂમે છે. અદૃશ્ય હું જાણે આંસુમાં ઑગળી ગયો; અને ધીમે ધીમે મ્હારી આગળ પાછળ તેજ વ્યાપતું ગયું.

ચન્દ્ર માથે આવ્યો.

"બા! ત્હારા માથામાં આ ફૂલ શાં? આ તેજ તેજ શાનું જણાય છે?"

"બેટા! ત્હને પાંખો કેવી?"

આગળ બાળક અને પાછળ પ્રજ્ઞા અને ત્હેના કેશમાં તેજ ભર્યાં મોતી ગૂંથતો હું કિરણુને રસ્તે રસ્તે ઉડ્યાં. બાળક ફિરિશ્તો ચન્દ્રમાં થઇને હમને ક્ય્હાંક લઇ ગયો.

* * * *

સમુદ્ર હવે શાન્ત થઇ ગયો હશે. ઢગલા

ઉપરની છીપોલીઓ રખડતા પ્રવાસી માટે પડી હશે. ગુફામાં હજુએ કોક વખત 'પ્રજ્ઞા! પ્રજ્ઞા!' શબ્દ સંભળાતો હશે. અને યોગીપુરના વાસીઓ કોક વખત સમુદ્રના પડઘા જોડે 'અનન્ત! ઓ અનન્ત!' એમ સાંભળતા હશે.

અતિથિ તોરે દ્વારે

"શું કરો છો? પ્રિય!"

હું શું કરૂં છું? હું શું કરૂં છું ત્હેની ત્હારે, ત્હમારે, જગતને શી દરકાર હોવી જોઇયે? મ્હારી ભાવનાઓ માટે ત્હમને શી દરકાર છે? ત્હમારી નીતિ એ મ્હારે મન માયા છે.

વારૂ, જગતની નીતિ તરફ મ્હારી ભાવનાઓ વિરોધ ન દાખવતી હોય તો હું શું માનું છું કે કરૂં છું ત્હેની ત્હમને શી પરવા? મ્હારી શ્રદ્ધાને માટે ત્હમે કારણ માગશો તો કહીશું કે શ્રદ્ધાનું કારણ શ્રદ્ધા. મ્હારા વિચારો અસંગત છે એમ ત્હમે કહો છો. ખરૂં ને? ચાલો, મ્હારા વિચારો અસંગત છે. અવિરોધનો ડૉળ કરવો એ જગતને

અને જાત્યને છેતરવા સમું છે. હેવા જડભરતવેડા મ્હને નથી આવડતા. કુદરત મનુષ્યને પૂછવા આવતી નથી તો ત્હમને કંઇ પણ પૂછયા વગર હું કુદરત જે'વો બની રહીશ. આત્માનાં ઓળખાણ નથી કરવાં તેમ ત્હમારાં પણ ઓળખાણ નથી કરવાં. હું છું તો નથી નથી બનનાર, નથી તો છે નથી બનનાર. નરક હિંદુઓના અને 'ઇન્ફર્નો' ડાન્ટેના મગજનો કિસ્સો જ માત્ર છે. દેવલાંને ઘસ્યા કરનાર પોતાને બ્રાહ્મણ કહાવત્તો કંસારો અને પૂતળાંને દૂધ, દહીં, ઘી, તેલ, દીવેલનાં મર્દન કરનાર પોતાને પૂજારી કહેતો સુથાર, મ્હારા જેવા પ્રમાણિક સુથાર કે કંસારાને નરકમાં–પેલા "ઇન્ફર્નો"–માં જોશે?

હું છું. હું વિચાર કરી શકું છું, માટે છું. બધા ય વિચારોના જીવન જે'વો, મૂળતત્ત્વ જે'વો આત્મા હોવો જોઇએ, માટે હું છું. હું ખઇ શકું છું માટે છું. મ્હારામાં કર્તવ્ય ભાન છે માટે છું. પણ છું કે નથી બેમાંનું એકે ય જાણ્યાથી મોક્ષ શી રીત્યે સંભવે? બુદ્ધિનો હું ગુલામ છું. મ્હારી

લાગણીઓનો હું ગુલામ છું. ત્હમે ત્હમારી બુદ્ધિના, ત્હમારી લાગણીઓના, અને સાથે લોકોની વાતોના પણ ગુલામ છો.

પ્રિય પ્રભુ ! જો હોઉં તો; પણ ના કેમ હોય ? અરે રે ! મ્હારો પ્રભુ નહિ હોય ! જાગો રે જાગો રે જસોદાજીના જીવન ! કે વ્હાણેલાં વાયાં નવલાં રે. મ્હારા ચિત્તમાં જાગો મ્હારા નાથ ! આ અંધનો હાથ ઝાલ્ય, કે શંકર અને બુદ્ધ અહીંથી સંકોરી લઇ હું ત્હારી સાથે પ્રયાણ આદરૂં. મ્હારે અહીં કર્તવ્ય નથી. કર્તવ્યભાવના એ ભ્રમણા છે. થોડાં ફુલ ત્હારે કાજે લઇ લઉં છું. રસ્તામાં સુંઘજે.

* * * *

" ચિતર ચિતર શું કરો છો ? પ્રિય !

મ્હારાથી નથી ચિતરાતું એ. તે દિવસે વનમાં ફરતાં ફરતાં ત્હેં મ્હને પીંછી આપી ઘેર મોકલ્યો. મ્હને કહ્યું કે તું શોધે છે તે આની વતી રંગજે. પરંતુ ત્હારી પીંછી અને ત્હારા આપેલા રંગો અધુરા છે. મ્હેં જે દીઠું છે, હું જે જોઉં છું તે આમાં ઉતરતું નથી. તે દિવસે આકાશમાં પ્રકૃતિ-

દેવીની રંગબેરંગી પુલની વેણી જોઇ હતી? લોકો ત્હેને ગમે તે કહે. એ અંબોડલો સુંઘતો પ્રભુ ત્હેનીં પાસેજ હતો. એ વેણી, એ દેવી, વાદળાંનો એ અંબોડો, અને એ સર્વને છાતો મ્હારો પ્રભુ મ્હારે ચિતરવો છે. આ પીંછી નથી જ ચિતરી શકતી જે મ્હારા હૃદયમાં છે તે.

પ્રભુ! ત્હારી પીંછી અને ત્હારા રંગ નકામા છે. હવે તો ત્હારા એ વિશ્વ હિંચકાની દોરી મ્હને આપ્ય એટલે ત્હને ઝુલાવ્યાજ કરૂં. પીંછી અને રંગ મ્હેં આ ફેંકી દીધા.

*   *   *   *

ચન્દ્રની આગળ પાછળ ભુખરૂં તેજ આવી રહ્યું છે, તે મ્હારા પથ્થરના ઘડેલા પૂતળાની આગળ પાછળ શી રીત્યે ઘડાય? પથ્થરમાં તેલની ધાર જેવું નાક બનાવાય પણ ચાંદનીમાં રમતો મ્હારો પ્રભુ શી રીત્યે ઘડાય? મ્હણે નદી ઉપર પડેલા ખડબચડા પથ્થરોમાં અને બાજુએ રહેલા ખડકોમાં તે ઓછા અશુદ્ધ રૂપમાં દેખાય છે.

સમુદ્રનાં મોજાં એક ઉપર એક ચડભડી પડે

છે, વાદળાંઓ ઘનઘોર આકાશમાં સરસાઇ કરે છે, ત્ય્હારે પ્રભુનો નાદ સંભળાય છે. ત્હેને પ્રત્યુત્તર આપવા ઘણી વખત ગાઉં છું. પણ તે અનન્ત નાદ ક્ય્હાં અને મ્હારી તેડો વાળી પીપુડી ક્ય્હાં! મ્હારામાંથી વાદળનાં ગીત અને સમુદ્રનાં ગીત નીકળે તો ત્હારૂં વાજીંત્ર મ્હને કાં નથી બનાવતો? મ્હારા સંગીતમાં ત્હારો અનુભવ નથી થતો, પણ સંસારના અભાવનો અનુભવ થાય છે. પૃથ્વીના અણુએ અણુમાં ભળી જવાથી વિશ્વ રમખાણનો સાક્ષાત્કાર મ્હને વધારે થશે. અને એટલું ય નહિં બને તો તારક જે'વા તેજસ્વી શરીરના નિર્જીવ અંગભૂત થઇ જવાનું મ્હોટું ભાગ્ય ક્ય્હાં ઓછું છે?

*   *   *   *

આત્મનિર્ણયનાં પાંચ પગલાં ભર્યાં; પણ આત્મતત્વ ચિન્યો નહિં.

કળાકાર

ખેડુત ભાથું ખાય છે, અને પંખીઓ ઉંઘેટાં થાય છે, તે વખતે સૌન્દર્ય શણી માનવીઓના જગતને છોડી પોતાના આરામગાહમાં બેદરકાર થઈ પડે છે. તે વખતે બેશરમ થઈ ત્હેના કાનમાં હું ઝીણી ઝીણી વાત કરૂં છું. સમુદ્રની પથારી, તાડનાં અમ્બર, પ્રકૃતિ ને હું જ્યારે સાથે હોઇએ ને માનવી દેખે નહિં, ત્હારે કુટુમ્બીજન થઇ જઇએ છિયે. તપતું મૂર્છા પામતું જગત, સોનાં રૂપાં થઇ જતું પાણી, મગરમચ્છ થઇ સૂતેલા પર્વતો જોઇ હૃદયનો આનંદ મ્હારે દાબી રાખવો પડે છે, ને પીંછીઓ ને રંગપ્યાલીઓ રખડતાં મૂકી દઉં છું.

ગજવામાં ને બગલમાં ચોપડીઓનો ભાર વિંઢાળતો એકાકી અજાણ્યા વહેળા માફક કોઇ રસ્તે જતો હઉં છું; રખડતો એકલો પ્રવાસી આમ જ ભટકે એમ ગણત્રી કરતો લાંબાં પગલાં ભર્યે જ જાઉં છું, ત્યહાં વિશાળ આકાશની ચીસ સમી સમડીની ચીસ સંભળાય છે. ઘનઘોર આકાશની ગર્જનાથી હું બીજા વિશ્વમાં ઉંડો ઉતરી પડતો નથી, પણ આ સમડીની ચીસથી ઉંડો ઉંડો ઉતરી પડું છું; ધીમે ધીમે પંખીઓનો કિલકિલાટ સંભળાય છે; વેગળે કોસ ચીચરૂક ચીચરૂક કરે છે; તળાવ ઉપર ધોનારીઓના તાલ દેતા ધબાકા સંભળાય છે; મીઠું જગત ઉપર ધૂમસ નાખતું ઘંટી આગળનું ગીત કાનમાં અમૃત પેઠે સરી જાય છે........પણ વ્હેંત ઉછળતી છાતીને દાબી રાખતો હું ગાતો નથી—ગાઈ શકતો નથી.

ઉગતા સૂર્યને પૂજતા નદી વચ્ચે ઉભેલા બ્રાહ્મણને જોઈ સિંધુ ઉપરના પુરાતન આર્યનું સ્મરણ થાય છે; મુલ્લાંની બાંગ સાંભળી રાત્રીની એકતાનતા ભાગે છે; સુવર્ણમંદિરો ને મોતીમસ્જી-

દો જોઈ સ્થાપત્યશોભાથી હૃદય ઉમંગી બને છે; પણ નાથ ! ત્ય્હાં હું ત્હને સંભારૂં તો ય દોષ કાઢવાની વૃત્તિથી. ત્ય્હાં ત્હને ભાગ્યે જ જોઈ શકું છું. ત્ય્હાં તો ત્હારા સંબંધી શંકાના થર જામી જાય છે. ત્હારે નામે લોહીભીના થયલાં ઇતિહાસનાં પાનાં જ સાંભરે છે. મથી થાકું, પણ ત્હારી પ્રાર્થના ત્ય્હાં હુ કરી શકતો નથી.

*   *   *   *

પણ યન્ત્રકઠોર જગત ! ત્હને ખબર છે હું ક્ય્હારે ક્ય્હારે ગાઉં છું.

પણ, સખી ! ત્હને જ ખબર છે જે આપણ બન્ને ઉપર પીંછી મારતા કાળને નીરખી ત્હેનું અનુકરણ કરવા ક્ય્હારે હું વીસારે પડેલાં મ્હારાં પીંછી પ્યાલીઓ પાછાં લઉં છું.

પણ નાથ ! ત્હનેજ ખબર છે કે કદી કદી ને ઘણી વાર જાણ્યું અજાણ્યું કરવા મ્હારી આંખ્યો ત્હને પ્રાર્થે છે.

એક ચિત્ર.

"રસ્તો આલજો બા! આંધળાને જવા દો ભાઇ!" કરતું એક મનુષ્ય અડબડિયાં ખાતું જતું હતું. આગળ પાછળ છૂટાંછવાયાં ઝાડ સિવાય સર્વ સપાટ હતું. રાત્રિના એકતાન સંગીત જે'વું આકાશ પડી રહ્યું હતું. પીળાં પડી ગયેલાં તણખલાં અને ઉપસેલાં અને ચીરાઈ ગયેલાં ઢેફાં ઉપર દૃષ્ટિ ઘડીક ઠરતી હતી. ત્હેની સરસાઈમાં માનવ દૃષ્ટિને આકાશમાં કાંઇ જણાતું ન હતું. શહેરમાં રસ્તા કરતાં ઘરોમાં હિલચાલ વધતી જતી હતી.

બે ત્રણ ગાઉ દૂર આવેલા બાંકુ ગામમાં એક ઘરના પાછલા અંધારા ઓરડામાં ઘોરાજીની વહુ લખુબાની મરણની ઘડીઓ ગણાતી હતી-"બાપુ! રે બાપા!" કરતો છોકરીને હાંફ્લો ફાંફ્લો મળવા જતો લખાજી અડબડિયાં ખાતો હતો.

" બાપા ! ગાયને ભચકાયો કે શું ?"

મરજાદી વ્રજચારીની ઝીણી ઘંટડીના સૂરને ડુબાવી આ સ્વર ઘડીક પેસી ગયો. પણ બાળકૃષ્ણના સૌન્દર્યના ઠાઠ ઉપર વ્રજચારીની આંખ ઠરતી ને બાહ્ય જગતના ઘોંઘાટને ડબાવવા વધારે તાનથી રાજભોગને સમયે ગાવાનું કોઇ વ્રજભાષાનું ગીત ત્હેણે ગાયું. ગીતનાં ઉછળતાં મોજાંમાં અંધ પુરૂષનો સ્વર ડૂબી ગયો. બુદ્ધાવતારી બાળકૃષ્ણ ગાયની શાન્તિમાં ભરાઈ ગયો હતો. અંધ પુરૂષની આતુર અને દુઃખી મુખમુદ્રાને પ્રભુની ઝલક છાઇ રહી હતી.

"પ્રિય પુષ્પા! ઉતરતી સંધ્યા આના કપોલ ઉપર ઉતારવી છે, પણ ચાંદની જે'વી સ્વચ્છ નાસિકાની બન્ને બાજુ થોડી થોડી જગ્યા મૂકી, ત્હારી ચુંદડીનો રંગ ઉતારૂં છું. પણ પ્રસરી જવાની ભીતિ રહે છે; વળી ત્હારા નાકથી પણ વધારે દિવ્ય નાસિકા બનાવવા પીંછી મરોડ મરોડ કરૂં છું પણ વારૂં ત્હમે આજે ખાવાનું બહુ મોડું કરવાનાં; તે તરફ ચિત્ત રાખો. આજે ને આજે મ્હારે ચિત્ર પૂરૂં કરવાનો કોલ છે.......ગઇ તે બહુ સારૂં થયું. મ્હારે સંતાકુકડી રમતા પગની લીટી મારવી છે,

કારણ પાછલી બારીમાંથી તેજ આવે એટલે આમથી પગ સ્પષ્ટ અસ્પષ્ટ દેખાયજ,.......લાવ જરા દૂરથી જોઉં........ રસિક સમાધિમાં પડી જવાશે તો રસિકતાને દોષ................

થાકયો હોય એમ અંધપુરૂષ બગલમાં ડાંગ ગોઠવી, ફાળીયું ઉંચુ કરી, અંધ આંખ્યમાંથી આકાશ સાંમું જોઇ રહ્યો હતો. ત્હેની આંખ્યોમાં રમણીય ચિત્રો હતાં. ત્હેના કાનમાં સંગીત હતું. 'સૌન્દર્ય શું? જગત શું? પ્રીતડીજ આ શી?'

હજી અડબડીયાં ખાતો અંધપુરૂષ ચાલતો હતો. "નીતિના નિયમો પ્રભુને શીદ માથે મારતા હશે? એકજ પ્રભુનાં બાળકો લગ્ન પહેલાં અર્ધ વેશ્યા થવાનું નૈતિક ગણતાં તેજ પ્રભુનાં બીજા બાળક પરપુરૂષ સાથે વાત કરતી સ્રીને અનાચારી ગણવા મંડી પડે છે.

—આમ કરવું જોઇએ ત્હેની ભાવના મનુષ્યમાં એક સરખી કેમ ન પ્રવર્તે? ગેરકાયદેસર અને અનીતિમય જણાતી ખૂન જે'વી વસ્તુ લ્યો. નગ્ન સ્વરૂપમાં આવેલી મનુષ્યની શુદ્ધ લાગણીનો તે કોક વખત ઉચ્ચતમ ઉચ્ચાર નથી હોતો શું? "આ

નીતિ નિયમો પ્રભુ! મ્હેં ઘડેલા." પણ બે પ્રમેય સ્હામ સ્હામાં અથડાતાં હોય માટે બન્ને ખોટાં? એક ધર્મથી ઝનૂન આવે; બીજાથી પોચાપણું આવે; માટે બન્ને ખોટા! સાધ્ય મોક્ષ માટે સાધન ધર્મ; સાધ્ય ધર્મ માટે સાધન નીતિ. આ નીતિનો એક જન્મ. સાધ્ય સમાજ ઉન્નતિ; વ્યકિત ગત ઉન્નતિ તે નિરાશાથી જન્મતું સાધન.

બીજા બધા હાવા કેવા? શા માટે તે ઉચ્ચતર થતા નથી; મ્હારા જે'વા કેમ ન થાય? પણ પ્રયત્ન કરે ત્હેવા થતા નથી તો મ્હારે શું કરવું રહ્યું! મ્હારે જ સારૂં થવું રહ્યું. પણ બીજાની અનીતિથી મ્હને ગેરલાભ થાય, તે મ્હારા નીતિમય આચરણથી અટકે હેવો હતો? આ બહારના ઘોંઘાટથી મ્હારી વિચારમાળા કાં અટકે છે?........ એ અટકાવવા વ્યવહારકુશળ બનવું જોઇએ, સખત કાયદાઓ ઘડવા જોઇએ, હં, હં એ ઠીક. કાયદાઓ છતાં અનીતિ અટકી નથી, ને સઘળુ અનીતિમય ગેરકાયદેસર નથી. બીજું, પોતાના સ્વભાવની નીચતાનું ભાન એ નીતિને માટે ત્રીજુ કારણ પણ બને છે........ અહીં તહીં ભિખારીઓની બૂમ પડે

છે. વિચારમાળા ટપકાવી લેવી જોઇએ. કદાચ મ્હારી નિશ્ચ વ્યવસ્થામાંથી ઇશ્વર ખરી પડે.

"બેટા! ત્હને બહુ ખમવાં પડયાં. હવે ગામમાંથી આ નીકળ્યો ને રસ્તે પડયો એટલે ત્રણ ગાઉ શા હિસાબમાં છે? બેટા! ત્હારે હજી ઘણાં જીવવાં છે પણ હાહ તો ચાલતો નહિં હોય? હું આવું ત્યાં સુધી તો જીવજે. ઓ સંતરામ બાપા! એ'ને જીવાડજે, આ આંધળાનું એ શું નથી! એ'ની પાસે જઈને એ'ને હાથે હાથ ફેરવીશ, પગે હાથ ફેરવીશ, કપાળે હાથ ફેરવીશ, એ'ને હોઠે હાથ ફેરવીશ. વાહ પ્રભુ વાહ! મ્હને તું એમ કહે છે કે 'ત્હારી છોકરી ઘણું જીવવાની છે. 'ધીરજ ધર' મ્હારો પ્રભુ કાનમાં કહી ગયો જાણું."

કેટલાંય સમાજસેવાનાં પાટિયાં અંધની આંખ્યોથી લજવાતાં ચાલ્યાં ગયાં. આંધળો બાપ એક હાથમાં લાકડી ને એક હાથે ભીંત્યે ટેકો દેતો ચાલતો હતો.

હવે ત્હારી કલ્પનામાં મદદ કરનાર કોણ આવે છે?

માંસલ અભિલાષા

જુન મહિનાના બપોર પછીનો વખત હતો. સમુદ્રના કિનારે પડી હોય એમ આકાશમાં લ્હેર ભાત પડી હતી. બીજી બાજુથી નિશાન ડંકા સાથે, દૃષ્ટિ સીમામાંથી વહાણો પેઠે વાદળાં ધીમે ધીમે પર્વત ઉપર કૂચ કરતા લશ્કરની પેઠે ચઢતાં હતાં.

"બેટા! જાણ્યું કે? પેલા, શું નામ? બળ્યું, તે ગઈ કાલ્યે પકડાયા."

"કોણ? જ્યોતિલાલ, પકડાશે પકડાશે એમ બહુ દિવસ સંભળાતું હતું તે પકડાયા. બા, જાણું વર એટલા બધા પકડાવાના."

"ના રે, પ્રભુ, હે તારે, વાતમાં વાત મ્હને સાંભરી. કય્હારનું થાય છે કે જાણું પૂછું, પણ—

મહેશ પૂના સોસાયટીમાં જોડવાનું કરે છે. મ્હારા જમાઈ તરીકે દીપે હેવો તો મ્હને એ લાગે છે."

"બા! બે વરસથી માથે હાથ દઈ વિચાર કરી થાકી. મ્હને તો જાણે એમ થાય છે જે પરણવું તે પરણવું. કાન્તી દસ અગિયાર વરસની હતી ત્યહારે પરણી હતી, પણ કે'વી સુખી છે! પરણી ત્યહારે તે કયહાં જાણતી હતી કે હેનો વર હાવો સારો નીકળશે? પણ બા! પછી તો મ્હારે બધા દિવસ હાવાં કપડાં ન પહેરાય, કોઇ કોઇ દિવસ તો મ્હારે ફાંફ મારતાં શીખવું પડે."

"લે, તારે, સ્હાંજે કંઇ જવાની છુ કે? ત્હારા ભાઇ આવશે ત્યહારે વાત કરીશું."

"એ તો બા! હું અમથું ભરડું છું."

"અમથું ને ચોપડયું. સ્રીની જાત્ય મે ફુલની જાત્ય. કાંઇ વર તે નવા જનમવાના હતા જે?"

* * *

"અરે પ્રભુ! કનૈયાલાલ! કન્હેયા! કાન્હા વગર કેમ ચાલશે રે મીરાં ત્હારે કાન્હા વગર કેમ ચાલશે? મ્હારી આંગળીઓ કે'વી સુંદર છે? મ્હારી

ચાલવાની ઢબ ઉપર તો હું જ છોકરો હઉં તો મોહી પડું. બાને શી ખબર જે રૂપને રૂડો સાધુ રે મોહય તો બિચારા મહેશ પરણું તો મ્હારા જ છે ને? મનુષ્ય તરીકે જન્મ્યા પછી પરણવું એ-ટલે મનુષ્યનું એક કર્તવ્ય કરીએ છિયે. તે કરવામાં જ મ્હારો ધર્મ છે. નહિ પરણવાનો ધર્મ દેવોને હશે એમ કોણે કહ્યું? ચંપો ફુલ્યો તો મ્હારે દેવને ધરાવવો, કાન્હ મ્હારો દેવ નહિં તો દેવ મ્હારો ઈશ. 'વળી કનૈયાલાલને વળી ક્યહારે પરણવું'તું? પરણવું પરણવું ને ના પૈણું કહેવું તે પરણ્યાં હઇયે તો રોજ મેંડમાં બોલે. આઠ દસ વરસની સજા. મ્હેં જાણ્યું જે આ મહિને નહિં તો આવતે મહિને, કંઇક થશે અને બધા કેદીઓ છૂટશે. પણ બે વરસ થઇ ગયાં ને હેમને ક્યહાં લઇ ગયા હશે? કનૈ-યાલાલ! ભેખડ ભેખડ જેવડી ઈંટયોની ગુફા જે'વી ઓરડીમાં ત્હમે શું મ્હારા સંબંધી વિચાર કરતા હશો?

અરે! કોઇ વેણુ કાઢે
કે કાન્હ પેલો જાણે

કે પરણું પરણું મ્હને થઇ રહ્યું રે લોલ
જો એટલું જાણું તો પરણું નહિં રે લોલ.

બૈરાં પણ જાણું ભળતું જ ગાતાં સંભળાય છે. "ગોરી તમ વિના સૂના આવાસ, પુત્ર વિના સૂનાં પારણાં." મ્હારા વગર કોના આવાસ સૂના છે ત્હેની મ્હને શી ખબર! અને પુત્ર વિહોણાં પારણાંની મિથ્યા કલ્પના છે. પુત્રની ઇચ્છા કે માંસલ દેહની ઇચ્છા? પુત્ર વિના સૂનાં પારણાંમાં જગતને અને આત્માને છેતરવાની ઠીક કરામત છે."

* * *

પ્રજ્ઞા મહેશને પરણી સુખી થઇ. પ્રજાના હિતના પ્રશ્નો મહેશની સાથે ઘણી વખત ચર્ચતી, ને દૃષ્ટિભેદ રહેતો તે નિભાવી લેતી. પાંચ વરસનો દિનકર અને બે વરસની વિશાખાની તે માતા થઇ હતી. કનૈયાલાલને તો પૂર્વ જન્મમાં મળી હોય એમ થઇ ગયું.

સમુદ્રનાં મોજાં જે'વી ટેકરીઓ ઉપર અહીં તહીં બંગલાઓ ને તંબુઓ દેખાતા હતા. પ્રજ્ઞાનું કુટુંબ અહીં ઉન્હાળો ગાળતું હતું. એક આંગ-

ળીએ દિનકરને ઝાલ્રી વિશાખાને ઘડી હાથ ઉપર લેતી ઘડી થોડું ચલાવતી આમતેમ ટેકરીની બાજુએ પ્રજ્ઞા ઘણી વખત સ્હાંજે ફરતી. ઘડી નીચે ઝરણોના સૂકાયલા લીટા ઉપર નજર નાંખતી. ઘડી દૂર આવેલાં ધર્મમન્દિરોની ધજાઓ જોવા પ્રયત્ન કરતી; ઘડી દક્ષિણમાં જોઇ કલ્પનાથી પોતાનું ગામ નજર આગળ ઊભું કરતી; ઘડી ભૂતકાળ જગાવતી.

"હાથમાં ડાંગ, માથે ન્હાની ટોપી, અને ઉઘાડા પગે ભેખડોમાં ચાલનાર કનૈયાલાલ! ત્હમને ક્યહાં સુધી નીરખીશ? ભીલોના ઉદ્ધારક કનૈયાલાલ! ખડબચડી ભૂમિ જે'વી મ્હારી સ્મૃતિમાં ડાંગ લઇ અડવાને પગે પર્વતોમાં ફરનાર કનૈયાલાલ ભમ્યા કરશે.

હા નાથ!
ઝગમગતી જ્યોત ઝગે તવ મન્દિરે
તવ ચરણે, હૃદય મન્દિરે નાથ!
પ્રજ્ઞી તવ ચરણે.
ભૂલ્ય ભુલાવો મોરા નાથ! ના...થ!

* * *

શું થયું હતું? ઝાડની બાજુમાં પડેલા મ્હોટા

પથ્થર ઉપર બેઠેલો એક પુરૂષ એક દિવસ પ્રજ્ઞાએ જોયો હતો. એક બાજુ લાકડી; બીજી બાજુ ન્હાની ટોપી; પગ ઉપર પગ ચઢાવેલા; માથે હાથ ફેરવે; ઘડી બંગલા તરફ, 'દેશ' તરફ ને આકાશ તરફ જુવે. કાળું શેકાઈ ગએલું ત્હેનું શરીર હતું. એ પુરૂષ કનૈયાલાલ, પ્રજ્ઞાનો પ્રિય મિત્ર નીકળ્યો. બાજુની જેલમાંથી તરતનો છૂટયો ચાલ્યો આવતો હતો. ત્હેણે પ્રજ્ઞાને ઓળખી. પ્રજ્ઞાએ ત્હેને ઓળખ્યો. પ્રજ્ઞા અને કનૈયાલાલે શી વાત કરી હશે? ત્હેમની આંખ્યોએ શી વાત કરી હશે? દિનકર અને વિશાખાને રમાડી, પાણી બાણી પી ભીલોના ઉદ્ધારનો ત્હેણે માર્ગ પકડયો હતો.

"ભૂલ્ય ભુલાવો મોરા નાથ!"ના સ્વરની ઝીણી ઝીણી પુદડીઓ તે દિવસે આકાશમાં પડી ગઇ હતી................

અગત્યનું સૂચન

'કે માનવી સ્વપ્ન મહીંજ જીવે' એ મ્હારી ઝીણી સ્વપ્નસૃષ્ટિનો ઝીણો ઉપોદ્ઘાત છે.

"આઘે આઘે ઘણે દૂર"

લેખનું મુખ્ય સ્વરૂપ સંવાદનું છે. "આઘે આઘે ઘણે દૂર" એ બાળકનો જવાબ છે. અવતરણ ચિહ્નમાં મૂકાયલાં વાકયો બાળકનાં છે. બાકીના બોલ બાળકની સાથે ચાલનાર મુસાફરના છે. કલ્પેલો મુસાફર બાળક સાથે હિમાલયથી માંડી પશ્ચિમમાં ને પશ્ચિમમાં પોતાનો મનોજવ પ્રવાસ કરી હિમાલય પાછો આવે છે. દેશોનો ઉલ્લેખ એજ ક્રમે છે. માનવજીવનનો નવો ઇતિહાસઃ અમેરિકા. ચીનને સંન્યાસી જેવો કલ્પ્યો છે.

વિયોગ

સખીની ગેર હાજરીમાં પ્રેમલો નાયક ત્હેને સંબોધી બોલે છે. ત્હેને ન્હાના ન્હાના બે ત્રણ પત્ર લખ્યા હોય એમ સ્હમજવાનું છે.

વિરલ સ્નેહથી જગત ભડકયુંજ આવ્યું છે. હેવા સ્નેહને ન જાહેર કરવાની વૃત્તિમાં એક જાતની નબળાઇ સૂચવેલી છે.

સ્મરણો

અહીં અવસાનજન્ય વિયોગ છે. લેખનું ખોખું પત્ર જેવું છે. પ્રિયજનના સૂક્ષ્મ સ્વરૂપને સંબોધન છે.

મ્હારી રંગા

લેખનું ખોખું વાતનું છે. રંગાને વ્હાનાર નાયક વિચિત્ર સ્થિતિમાં પુનર્લગ્ન જ કરે છે. રંગાને ફરીથી પરણાવવા "માબાપ પણ મરી પરવાર્યાં" એમ કહેવું મ્હને નથી રૂચતું; છતાં એમાં જ આપણા સામાજીક જીવનની ક્રૂર સ્થિતિનો ઉલ્લેખ થએલો મ્હને લાગે છે.

"કોણ હતું એ ?"

કોઇ કામમાં નિષ્ફળ થયાના સમાચાર ટપાલમાં આવ્યાથી જાગતું સ્વપ્ન લેખના 'હું' અનુભવે છે. "દૂર દૂર સુદૂર એ" ત્યહાંથી તે "ફુલને છાતી સરસું ડાબતી" ત્યહાં સુધી સ્વપ્નનું વર્ણન છે. ઇંટયો અને માટીનું મંદિર એ લોકો જેને જગ જીતવાનું કહે છે ત્હેનું મંદિર. હેવા મંદિરનું આંગણું જ સુંદર હોય છે. જીંદગીમાં ફાવવાને પટોપીઝાં કેવા જોઇએ છે તે જાણીતું છે.

અંજલિ

સરસ્વતી મંદિર એ ગૂજરાત કૉલેજ. અવતરણ ચિહ્નમાં મૂકાયલા શબ્દોમાં મ્હારા એ પૂજ્ય ગુરૂની ભાવના મ્હોટે ભાગે ત્હેમના જ શબ્દોમાં મૂકી છે.

પ્રલયકાળનું જગત

લતામંદિરના પૂજારીઓમાં કેટલાક સાક્ષરો અને લેખકોનો ઉલ્લેખ છે.

ત્હેનો ન્હાનકડો નાથ

વૈષ્ણવોની એક ભાવના સામાન્ય દૃષ્ટિએ અનીતિમય છે, અને આચારમાં ઘણી વખત અનીતિનું રૂપ ધારણ કરે છે, છતાં સંસારસંન્યાસીની દૃષ્ટિએ તે ભાવના નીતિપર હોઇ માધુર્ય ઝરતી બને છે. હેની ભાવનાની અહીં ભૂમિકા છે.

જૂનું ગીત

એકજ આત્મા દોરંગી થઇ જાય છે. આત્મા આત્માની સાથે જુદા જુદા દૃષ્ટિબિન્દુથી વિવાદ કરે છે. મ્હોટે ભાગે આ લેખ આત્માની સાથે સંવાદ રૂપે છે. અવતરણ ચિહ્નમાં મૂકેલું વાક્ય સ્નેહીજનને સૂક્ષ્મદેહે કરેલા સવાલનો પડઘો છે.

ઘુવડ બોલ્યું, "કોણ જાણે."

પતિપત્નીનો સંવાદ અને ઘુંવડની ટાપસી ઝાડને ઓથે બેસનાર સાંભળે છે. સંવાદમાં પતિ નૈરાશ્યપ્રેમી અને અકસ્માતવાદી છે. આશાવાદી પત્ની સ્હામી દલીલ કરે છે. વચલો માર્ગ કાઢતું ઘુવડ શંકાનાં પડ નાખ્યે જ જાય છે.

પ્રભુ પાંખો ક્યહારે આપશે ?

લેખનું ખોખું સંવાદનું છે. અવતરણ ચિહ્નમાં મૂકાયલા શબ્દો વિદેહ સખીના સૂક્ષ્મ દેહના છે. એ સૂક્ષ્મ દેહવાળી વ્યક્તિ સાથે પાંખો માગનારી વ્યક્તિ વાત કરે છે. માનસિક વાતાવરણ અનુસાર નાયક કુદરતને જુવે છે. તે વાતાવરણ કાઢી નાખવાનું સ્નેહી જન કહે છે.

સાંભરે છે ?

સ્વગત ભાષણ પછી સખીના સૂક્ષ્મ દેહની સાથે સંવાદ શરૂ થાય છે. એ સંવાદમાં ન્હાની વાત સંડોવાઇ છે. સ્વેચ્છા જેવા તત્ત્વના સ્વીકારથી ઇશ્વરતત્ત્વ સિદ્ધ થાય છે હેવો એક વાદ છે.

પ્રભુતા ભણી પશ્ચાત્તાપ

'મ્હારો ઇતિહાસ વિચિત્ર છે' એમ વાસનાદેહે બોલનાર અનન્ત આ ન્હાની વાતનો નાયક છે. પોતાની પ્રિય સખીને મ્હોડે પોતાનો ઇતિહાસ સાંભળી વાસના–દેહમાંથી મુક્ત થાય છે. સમુદ્રને કિનારે માતા અને બાળક વાત કરે છે અને અનન્તનું અદૃશ્ય સત્ત્વ એ વાત સાંભળે છે. 'સ્વસ્તિક બીજા લોક કરે અને આપણાથી ન થાય' એમ કહેતાં પોતાની જીવનકથા પ્રજ્ઞાને સાંભરી આવે છે.

અતિથિ તોરે દ્વારે

અવતરણ ચિહ્નમાં મૂકેલાં વાક્યો જાણે પ્રિયજને

કહ્યાં છે. ત્હેનું દરેક વાક્ય પરમતત્ત્વના અસ્તિત્વ અન-સ્તિત્વના જીજ્ઞાસુની કલ્પનાને ઉશ્કેરનાર છે. હેવા કોઇ જિજ્ઞાસુની કર્મ અને નીતિ, કુદરત અને કળા તરફની વૃત્તિ વર્ણવી છે.

એક ચિત્ર

બન્ધુતા એ ધર્મ છે. ભક્તિની ધૂનવાળો, ચિત્રકળાની ગંધવાળો, ચિન્તનના રંગવાળો, કે સમાજ સેવાનાં ડિંડિમ બજાવનારો મનુષ્ય ખરી બન્ધુતા ઘણી વખત નથી બતાવી શકતો એ દેખાડવાનો આશય છે.

કળાકાર

કળાના કુદરતી ઉચ્ચારને જીવન સાથે કેવો સંબંધ છે તે કંઇક રેખારૂપે જણાય છે.

માંસલ અભિલાષા

પરણવું એ દેહની કુદરતી અભિલાષા હોય છે. સાધુઓ અને કવિઓ હેવા પરણેતરને અપવિત્ર કેમ ગણતા હશે? આદર્શભેદ એટલે જગતભેદ થઇ જાય છે.

સમાપ્ત